# જ્યોતિર્ગમય

## (આલ્બર્ટ આઈન્સ્ટાઈનના પ્રવચનો, લેખો અને પત્રો)

**અનુ. અશોક શર્મા**

● પ્રકાશક ●

**વિચારવલોણું પરિવાર**

અમદાવાદ



## નિવેદન

વાચન રસિયાઓએ પુસ્તકોના અનેક પ્રકારો ગણાવ્યા છે. કેટલાક એક સમય પૂરતા મહત્ત્વના હોય છે. તે ઘડીભરના આનંદ માટે સારા હોય પણ તેની લાંબા ગાળાની કોઈ અસરો ના હોય. કેટલાક પુસ્તકો અમુક ઉંમરે જ સારા લાગે. પછીથી એને હાથમાં લેવાનું મન ના થાય. જ્યારે કેટલાક એવા હોય જેને ઉંમરના જુદા જુદા તબક્કે વાંચતા તેમાંથી નવા નવા અર્થો સમજાતા જાય. તે વર્ષો પછી પણ પ્રાસંગિક લાગે.

કાફકા જેવા લેખકો એવું માનતા કે પુસ્તકો એવા હોવા જોઈએ જે તમને ઊંડા ઘા કરે. સતત ચચરે એવી પીડા આપે. તમને ધ્રૂજાવી દે. જો તમને સમગ્રપણે ખળભળાવે નહિ તો એવા પુસ્તકો વાંચવા માટે સમય કેમ બરબાદ કરવો?

આખરે પુસ્તકો વાંચવાનો મૂળ ઉદ્દેશ તો એ જ છે ને કે આપણે આપણી આસપાસની દુનિયા વિષે જાણીએ. સમગ્ર વિશ્વને સ્પર્શે એવી સંવેદનાઓને સમજીએ! આપણા પ્રદેશના, સંસ્કારના, આગ્રહોના ચોકઠાઓને સમજીને એને યોગ્ય રીતે મૂલવીએ. એ દ્વારા જ તો આપણે વધારે સારા માણસ બનવાની દિશામાં જઈએ છીએ!

કોઈ મિત્રને લખેલા પત્રમાં ઝવેરચંદ મેઘાણીએ જે વાત કરી છે તે આ દૃષ્ટિએ જાણવા જેવી છે : ‘‘તમે વાંચવા જેવા પુસ્તકોની યાદી મંગાવો છો. હું સૂચવું તે વાંચશો? અભ્યાસનિષ્ઠ બનશો? વાર્તારસથી વાચનરસ કેળવી શકાશે નહીં. રસેન્દ્રિય તેજસ્વી તેમજ તંદુરસ્ત બનાવ્યા વગર લેવાતો વાર્તારસ જ્ઞાનની હોજરીને બગાડે. થોડા કષ્ટસાધ્ય વાચનથી હોજરીની સાફસૂફી થવી જોઈએ. પહેલા વિવેચન વાંચો. કંટાળો લાવ્યા વગર ફરી વાંચો. રસને અંતરમાં સ્થિર કરો અને કવિતા પ્રત્યેની સૂગને કોરે મૂકી થોડાં થોડાં કાવ્યોનું સતત પરિશીલન કરો. રસેન્દ્રિયમાં અમી પેદા થશે.

લાગણીતંત્રને ઝણઝણાવી મૂકનાર પુસ્તક પહેલે દરજ્જે ત્યાજ્ય ગણજો. ઊર્મિસંવેદનનો સ્થિર દીપક દિલમાં બળ્યા કરે. જ્યોત ભડક-ભડક ન થાય, તે સ્થિતિ સાચા વાચનરસની છે.

લલિત સાહિત્યના મધપૂડામાં મધુના ઉત્પાદન અર્થે આપણે જ્ઞાનકોશોની અંદર લલિતેતર જ્ઞાનસામગ્રી ભર્યા વગર છૂટકો નથી. પશુઓ અને પક્ષીઓની દુનિયા, જ્યોતિર્મય ગગન, ઈતિહાસ-સૃષ્ટિ વગેરે અંતરને અજવાળનારાં તત્ત્વોનું અજ્ઞાન રસસાહિત્યમાં રમવાની આપણી શક્તિને હણી નાખે છે. વીનવું છું કે પ્રાણીઓની, ગ્રહોની, ભૂગોળ ને ઈતિહાસની ભવ્ય દુનિયામાં ઊતરો, પછી જોજો, તમને વાર્તા વાંચવીયે ગમશે નહીં. વાંચવાની જરૂર પણ નહીં રહે, એ એવો એક નિરોગી મુગ્ધભાવ આપશે કે તમને જીવવું મીઠું લાગશે.’’

અમારો પ્રયાસ રહે છે કે અમે આવા પુસ્તકો તમને આપીએ.

મકર સંક્રાત **મુનિ દવે**

પ્રમુખ - વિચારવલોણું પરિવાર, ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭

## પ્રકાશકીય

આઈન્સ્ટાઈન પોતાની પ્રયોગશાળામાંથી બહાર નીકળી રહ્યા હતા. એકાએક ક્યાંકથી એક પત્રકાર આવી ચડ્યો. લાગલું જ પૂછ્યું, 'પ્રોફેસર આઈન્સ્ટાઈન, આજે સવારે નાસ્તામાં તમે શું લીધેલું?' 'કોફી અને ટોસ્ટ...' આટલા ઉત્તરને અટકાવી દેતાં પત્રકારે કહ્યું, 'બસ બસ. થેન્ક્યુ.' અને ચાલતી પકડી. પાંચ વર્ષ બાદ આઈન્સ્ટાઈન પ્રયોગશાળામાંથી નીકળી રહ્યા હતા ત્યારે પેલો પત્રકાર ફરી આવી ચડ્યો અને પૂછ્યું, 'શાની સાથે?' 'બે ઈંડા સાથે.' આઈન્સ્ટાઈને સહજતાથી ઉત્તર આપ્યો. 'વન્ડરફૂલ!' પત્રકારે ઉદ્‌ગાર કાઢ્યો અને જતો રહ્યો.

મેં આ પ્રસંગ સાંભળ્યો ત્યારે પહેલીવાર આઈન્સ્ટાઈનનું નામ સાંભળેલું અને બોલી જવાયેલું 'વન્ડરફૂલ!' ત્યારથી આ મેધાવી મહામાનવ વિશે વાંચવા-જાણવાની ઈચ્છા થયેલી. પછી તો લિંકન બાર્નેટનું ''યુનિવર્સ એન્ડ આઈન્સ્ટાઈન'' વાંચ્યું અને ક્યાંક ક્યાંક છુટ્ટા લેખો પણ વાંચ્યા. $E = MC^2$ નું ઠાંસીઠાંસીને ભરેલી પોટેન્શિયલ એનર્જીવાળું સૂત્ર વિજ્ઞાન અને ટેકનોલોજીના આધુનિક યુગ પર છવાઈ ગયું. એક નવો ક્રાંતિપાત થયો. આ આદિવચનથી સૌએ એક અવાજે, ને તેય આઈન્સ્ટાઈનની હયાતીમાં, સ્વીકાર્યું કે આ માણસ સૌથી પ્રતિભાશાળી વિજ્ઞાની છે. આઈન્સ્ટાઈન કેવળ પ્રતિભાશાળી વિજ્ઞાની જ ન હતા. તેઓ પ્રતિભાશાળી માનવ અને ચિંતક પણ હતા. વિજ્ઞાનપૂત દૃષ્ટિએ અને બબ્બે વિશ્વયુદ્ધની વિભીષીકાને નજરે જોવાથી ખીલેલી સંવેદનાએ આલ્બર્ટ આઈન્સ્ટાઈનને વિશ્વમાનવ બનાવ્યા છે.

માહિતીમાંથી જ્ઞાન તરફ, જ્ઞાનમાંથી વલણો તરફ અને વલણોમાંથી ડહાપણ તરફ લઈ જવાનું તથા વ્યક્તિ તરફથી સમગ્ર માનવજાત તરફ લઈ જવાનું ધ્યેય વિચારવલોણું પરિવાર ધરાવે છે. તેથી જ સ્તો આ પુસ્તિકાનું નામ : જ્યોતિર્ગમય. મનુષ્યજીવન, ધર્મ, વિજ્ઞાન, લોકશાહી, યુદ્ધ અને શાંતિ, શિક્ષણ, જ્ઞાનપ્રાપ્તિ જેવા મહામૂલા મુદ્દાઓ પરનું આઈન્સ્ટાઈનનું સમયોચિત અને સૌમ્ય ચિંતન આ પુસ્તિકાના નિબંધોમાં રજૂ થાય છે.

મૂળ અંગ્રેજી પુસ્તકમાં આઈન્સ્ટાઈને વિવિધ સ્થળે આપેલાં પ્રવચનો સંગ્રહાયેલાં છે. થોડા પત્રો અને લેખો પણ છે. પ્રદીર્ઘ અને જટિલ વાક્યરચનાઓવાળા મૂળ લખાણને ગુજરાતીમાં અનુદિત કરવું અને તે પણ સંક્ષેપમાં કરવું તે ખરેખર દુષ્કર લાગતું હતું. પરંતુ શ્રી અશોક શર્માએ જે મહેનત, કાળજી અને અભ્યાસથી આ કામ કર્યું છે તે અત્યંત પ્રશંસનીય છે. તેમણે આઈન્સ્ટાઈનના વિચારને ગુજરાતીમાં ઉતારી આપીને તેમના કૌશલનું ઊડીને આંખે વળગે તેવું દર્શન કરાવ્યું છે.

**- મહેન્દ્ર ચોટલિયા**

(સી/૭, યુનિવર્સિટી સ્ટાફ કોલોની, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦)



## ભાવાનુવાદકની કલમે

શ્રી મહેન્દ્રભાઈ ચોટલીયા અને શ્રી સુરેશભાઈ પરીખ મારફતે ''વિચાર વલોણું'' પરિવાર સાથે મારો નાતો નેવુંના દાયકામાં બંધાયો. ત્યારે હું કૃષિ યુનિવર્સિટીમાં ડેરી સાયન્સના સંશોધન અને અધ્યાપન કાર્ય કરતો હતો. એક વાર મને ડૉ. આલ્બર્ટ આઈન્સ્ટાઈનના ''આઈડીયાઝ એન્ડ ઓપિનિયન્સ''ના ચૂંટેલા નિબંધો અને પ્રવચનોનો ગુજરાતીમાં અનુવાદ કરવાનું કહેવામાં આવ્યું. હું એ વખતે પી.જી. થીસીસ માટે સખત કામમાં હતો. તેમાંયે વિશ્વ જેને આધુનિક ભૌતિક શાસ્ત્રના પિતામહ ગણે છે તેવા મહાન વૈજ્ઞાનિકોના લેખો અને ભાષણોને સમજવા અને અનુદિત કરવાનું બીજું ભારે કામ આવી પડ્યું. પણ આ બીજા કામે મારા મનને એવું મુખરિત કરી દીધું કે હું ભારને ભૂલી ગયો અને બેઉ કામ સુપેરે કરી શક્યો.

આ પુસ્તકમાં ડૉ. આઈન્સ્ટાઈનના અનેક મહત્ત્વના ભાષણો અને લેખોનો કિંમતી સંગ્રહ છે. જેમાં સાપેક્ષતાના સિદ્ધાંતો, સંશોધનના સિદ્ધાંતો, બર્ટ્રાન્ડ રસેલની ''થિયરી ઓફ નોલેજ'' પરની ટીકા જેવા અતિ જટિલ વૈજ્ઞાનિક વિષયો ઉપરાંત 'માનવ અને સમાજ', વિશ્વશાંતિ, વિશ્વસંઘની રચના અને શિક્ષણકળા જેવા માનવવિદ્યા શાખા સાથે સંલગ્ન વિષયો પર ખૂબ રસપ્રદ ભાષણો અને લેખો છે. ''વિજ્ઞાન અને ધર્મ'' એ તેમનો જગપ્રસિદ્ધ નિબંધ છે. તેમનું વિધાન ''જો આપણે માનવજાતનો ઉદ્ધાર કરવો હશે તો માણસને વૈજ્ઞાનિક ધર્મ કે ધાર્મિક વિજ્ઞાન તરફ વાળવો પડશે.'' સમય સાથે વધુ ને વધુ નક્કર બનતું જાય છે. એબાઉટ ફ્રેન્ડ્સના નામના પ્રકરણમાં ડૉ. આઈન્સ્ટાઈને મહાત્મા ગાંધી માટે કહેલા શબ્દો ''હાડ-માંસનો બનેલો આવો માનવ પૃથ્વી પર ચાલ્યો હશે તેનું માનવું ભાવિ પેઢી માટે અસંભવ હશે'' આજે પણ કેટલા પ્રસ્તુત છે!

આજે વિચાર વલોણું પરિવાર વીસ વર્ષ પછી ફરીથી ડૉ. આઈન્સ્ટાઈનને વાંચકો સમક્ષ રજૂ કરવા જઈ રહ્યો છે, ત્યારે તેમને હૃદયપૂર્વક અભિનંદન આપું છું.

૯ સપ્ટેમ્બર, ૨૦૧૬, ગાંધીનગર

**- અશોક શર્મા**

(IAS, CEA GUDA)

(ઉદ્યોગભવન, બ્લોક નં. ૧૮, ૪થો માળ, ગાંધીનગર)

## • સમાજ અને વ્યક્તિ •

માણસને આપણે એક સામાજિક પ્રાણી કહીએ છીએ, કારણ કે તેનું જીવન બીજા માણસોની ઈચ્છા અને કર્મના તાંતણે ગુંથાયેલું છે. અન્ન, આવરણ અને આવાસ જેવી મૂળભૂત જરૂરીયાતો માટે પણ તે પૂરેપૂરો સ્વાવલંબી નથી, તો પછી ભાષા, સાહિત્ય અને જ્ઞાન-વિજ્ઞાન જેવી બૌદ્ધિક આવશ્યકતાઓનું તો પૂછવું જ શું?

માનવજાતે સંચિત કરેલા જ્ઞાનભંડારનો સિંહભાગ પણ તેના પૂર્વજોએ વિકસાવેલી ભાષાના માધ્યમ દ્વારા જ મળેલો છે. એક કલ્પના કરીએ, જો ભાષાનો વિકાસ જ ન થયો હોય તો? ઉત્તર : માણસ પણ તેના પેલાં ચોપગાં સહચરોની પેઠે ગંવાર જ રહી જાત.

અર્થાત્, એ તો આપણે સ્વીકારવું જ રહ્યું કે માનવસમાજમાં જન્મ થવો એ જ મોટામાં મોટી લબ્ધિ છે. સારાંશ એ કે વ્યક્તિની ભૌતિક અને આધ્યાત્મિક હસ્તીને આજન્મ દોરનાર સમષ્ટિને લીધે જ તેનો ઉદ્વિકાસ થયો છે, બાકી એકલો માણસ માંખ પણ ન મારી શકે.

મારા મતે વ્યક્તિના આચાર-વિચાર અને ભાવનાઓનું કેટલે અંશે સામાજિકીકરણ થયું છે, તે વ્યક્તિત્વના મૂલ્યાંકનની પારાશીશી છે. 'સારા' અને 'ખરાબ' શબ્દોનું પ્રયોજન પણ આવા અર્થમાં થવું જોઈએ. તો એનો અર્થ એ થયો કે માણસની સામાજિકતા એ વ્યક્તિત્વમાપનની એક માત્ર આંકણી છે, ખરું ને? મને લાગે છે કે આ પ્રશ્ન પરત્વે આપણે થોડા સભાન થવું પડશે. આ વાતને બીજા દૃષ્ટિકોણથી નાણીએ.

આજે માણસ પાસે જે કંઈ છે, તે સદીઓના વ્યક્તિગત રચનાત્મક પ્રયાસોને આભારી છે. દા.ત. એક વીરલાએ અગ્નિની શોધ કરી, બીજાએ ધાન્ય તો ત્રીજો વળી વરાળયંત્ર શોધી લાવ્યો. વાસ્તવમાં આવા એકલવીરો જ મથી મથીને નવાં મૂલ્યો સ્થાપે છે અને આખો સમાજ આંખ મીંચીને તે સ્વીકારે છે. સમષ્ટિની ફળદ્રુપ ધરતી પર કરાતા રચનાત્મક વ્યક્તિગત પ્રયત્નોથી માનવજીવન સગવડભર્યું થયું છે. આમ સમષ્ટિ અને વ્યક્તિ એકબીજાનાં પૂરક છે.

તાત્પર્ય : જે સમાજમાં વ્યક્તિ સ્વતંત્ર છે અને સાથે સાથે સમુદાયનિષ્ઠા પણ ધરાવે છે તે સમાજ સ્વસ્થ રહે છે. યુરોપમાં થયેલ નવજાગૃતિ આનું સૌથી ઉત્તમ ઉદાહરણ છે. 'રેનેસાં' એટલે બીજું કશું નહીં, પરંતુ અણઘડ સામાજિક મૂલ્યોમાંથી માનવની મુક્તિનો ઘંટનાદ અને નવાં સ્વસ્થ મૂલ્યોનું પ્રસ્થાપન!

ચાલો, હવે સરકતા સમયની જે પગથી પર આપણે ઊભા છીએ તેનું વિહંગાવલોકન કરીએ, કેવો છે માણસ અને કેવો દેખાય છે સમાજ?

છેલ્લા શતકમાં વસ્તી કૂદકે ને ભૂસકે વધી છે. રચનાત્મક પ્રકૃતિ ધરાવતાં ભેજાંઓની સંખ્યા ઘટી છે. ક્યાંક વળી કોઈ રડ્યોખડ્યો કૃતિશીલ મનુપુત્ર નજરે પડે. પ્રભાવશાળી નેતાગીરીનું સ્થાન સંસ્થાઓએ પચાવી પાડ્યું છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં આ



વાતે ગંભીર પરિણામો નિપજાવ્યાં છે. ચિત્રકામ અને સંગીત જેવી કલાના સ્તર પણ નીચા ગયા છે.

રાજકારણમાં નેતાગીરી વામણી થઈ છે તેમજ જાહેરજીવનમાંથી ભાવનાકીય સ્વાયત્તતા અને ન્યાયપ્રિયતા ગૂલ થયાં છે. ઘણાં રાષ્ટ્રોની લોકશાહી અને સંસદીય પ્રણાલીઓ હચમચી ઊઠી છે. તાનાશાહી ફરી માથું ઊંચકી રહી છે તથા સ્વીકારાઈ પણ રહી છે!

આવું શાને થાય છે? સ્વભાવતઃ આવો પ્રશ્ન ઊઠે. મને તો લાગે છે કે માનવગૌરવ સાથે માનવઅધિકાર જેવા શબ્દો હવે માત્ર ફિલસૂફીના કબ્રસ્તાનમાં સડી રહ્યા છે. ઘડીના છઠ્ઠા ભાગમાં કોઈ પણ દેશના છાપાંવાળા ઘેટાંની જેમ ઊંધુ ઘાલી દોડ્યે જતા ટોળાંઓને ઉન્મત્ત કરી શકે છે, લાલભૂરા વાઘા પહેરાવીને બંદૂકો પકડાવી શકે છે, અને આવા દર્દનાક ઘટનાચક્રનો દોરીસંચાર કરતા મુઠ્ઠીભર ગઠિયાઓ મૂછમાં હસતા રહે છે. મને લાગે છે કે લશ્કરી તાલીમની અનિવાર્યતા એ સાંપ્રત સમયનું સૌથી વરવું દૃશ્ય છે.

જો કે આપણે સાવ નિરાશ થવાની જરૂર નથી. માનવસભ્યતાના પ્રભાતે ગવાયેલાં પેલાં મંગળગીતો હજુ આપણે સાવ ભૂલ્યા નથી. મને આશા છે કે સમયનો બાગ પુનઃપલ્લવિત થશે.

હવે મારા આશાવાદની પશ્ચાદભૂમાં રહેલાં કારણોની ચર્ચા કરીએ.

મને લાગે છે કે આર્થિક અને તકનિકી વિકાસના પગલે પગલે ઉદ્ભવેલો અસ્તિત્વ-સંઘર્ષ આપણી સમસ્યાઓનું મૂળ કારણ છે. ટેકનોલોજીના વિકાસનો દાખલો લઈએ. તેનો મુખ્ય ઉદ્દેશ છે, સામાજિક જરૂરિયાતોની આપૂર્તિ માટે માનવશ્રમની આવશ્યકતા ઘટાડવી. સાથે સાથે રોજગારીનું સુયોગ્ય વિતરણ અને ભૌતિક સુખાકારીનું સંવર્ધન કરવું પણ અનિવાર્ય બન્યું છે.

સૌ પ્રથમ તો દરેક માણસને ભૌતિક સુખાકારી અને સલામતી બક્ષીશું. તત્પશ્ચાત્, તેના ફાજલ સમય અને ક્ષમતાનો સદુપયોગ કરવા પ્રેરણા આપીશું. તેના વ્યક્તિત્વને ખીલવા મોકો આપીશું. બસ, આવું કરતા રહીશું તો સમાજ પુનઃ સ્વસ્થ થશે અને સાંપ્રત સમસ્યાઓની નોંધ ઈતિહાસના પાને દોડવા મથતા શિશુનાં ગોઠિમણાંની સહજતાથી લેવાશે.

## • સ્વાતંત્ર્ય વિશે •

લક્ષ્યની પ્રાપ્તિ કરતાં પહેલાં તેને સુસંગત મૂલ્યોની સ્વીકૃતિ આવશ્યક છે. માણસ એક વાર મૂલ્યો સ્વીકારે એટલે તેની વિચારણા વધુ તર્કશીલ બને અને પરિણામે જરૂરી સાધનોની ઉપલબ્ધિ સરળ બને. સ્વાભાવિક મૂલ્યો સ્વીકાર્યા વગર પાયાનાં તત્ત્વો પર થતી ચર્ચા માત્ર વિતંડાવાદ જ બની રહે!

આપણે સહુ જે બે ધ્યેયો વિશે સંમત છીએ તે પ્રતિ આપનું ધ્યાન દોરવા માંગુ છું.

પહેલી વાત એ છે કે માનવજીવન ટકાવી રાખવા આવશ્યક ચીજવસ્તુઓની પ્રાપ્તિ

ઓછામાં ઓછી મહેનતે થવી જોઈએ. બીજું, વ્યક્તિની પાત્રતા અનુસાર તેની બૌદ્ધિક અને રચનાત્મક શક્તિ ખીલવવા તેને પૂરી તક સાંપડવી જોઈએ.

ઉપર્યુક્ત ધ્યેયોને સાધવા સારુ આપણે જૈવિક વિજ્ઞાનના ખેડાણને જેટલું ઉત્તેજન આપવું પડશે તેટલું જ સામાજિક વિજ્ઞાનો પ્રત્યે જાગૃત થવું જોઈશે. પ્રકૃતિના સાફલ્યની શ્રૃંખલા એટલી સુગ્રથિત છે કે સમતુલા જાળવવા સારુ દરેક વિજ્ઞાનશાખા તરફ વિધાયક દષ્ટિકોણ રાખવો પડશે.

કોઈ પણ વિજ્ઞાનના વિકાસ માટેની પ્રાથમિક શરત છે જ્ઞાનનું નિર્બંધ, સતત પ્રસરણ. તાત્પર્ય એ કે અભિવ્યક્તિના પ્રત્યેક માધ્યમનું નિરાવલંબન વિજ્ઞાનના વિકાસ માટેનું આદર્શ પર્યાવરણ છે. જ્ઞાનને મુક્તપણે વિહરવા માત્ર ધારાકીય જોગવાઈઓ પૂરતી નથી પરંતુ સમાજને નવાં વૈજ્ઞાનિક તથ્યો-મૂલ્યો પચાવવા માટે તૈયાર કરવો પડશે. જો કે સંપૂર્ણપણે મુક્ત અભિવ્યક્તિ ધરાવતો સમાજ એ માત્ર આદર્શ કલ્પના જ હોઈ શકે, પરંતુ વૈજ્ઞાનિક વિચારસરણી અને રચનાત્મક અભિગમને પોષવા ઈચ્છતા દરેકની ફરજ બની જાય છે કે જ્ઞાનની આપ-લે પરના અંકુશને બને તેટલો ઘટાડવા પ્રયત્ન કરવો.

આપણું બીજું ધ્યેય છે, વૈયક્તિક વિકાસ. માણસની દિનચર્યાનો મોટો ભાગ જો પેટિયું રળવામાં જ વ્યતીત થઈ જાય તો આવી વ્યક્તિને અભિવ્યક્તિની સ્વતંત્રતા મળે તો યે શું વળશે? જો કે વિજ્ઞાનની વિકસતી જતી ક્ષિતિજો પર ઊભરતી ટેકનોલોજીના શાણપણભર્યા ઉપયોગ દ્વારા શ્રમવિભાજન સમતોલ કરવા ધારીશું તો આ સમસ્યા પણ બહુ વિકટ નહીં લાગે.

સ્વાતંત્ર્ય વિષયક ચર્ચામાં અત્યાર સુધી આપણે વ્યક્તિને બાહ્ય પરિબળોથી આઝાદ કરવાની વાત કરી. કિન્તુ માણસના વ્યક્તિત્વને ખીલવવા સારુ તેનું આંતરિક સ્વાતંત્ર્ય પણ એટલું જરૂરી છે. તે અર્થે વ્યક્તિએ રાજકીય અને સામાજિક પૂર્વગ્રહો, જીવનની અણઘડ ઘરેડો અને આદતોને તિલાંજલિ આપવી પડશે. જો કે આવું નિર્બંધ વ્યક્તિત્વ વિરલ છે, પરંતુ તેને વ્યક્તિમાત્રનું અંતિમ ધ્યેય ગણવું જોઈએ.

આ પરિપ્રેક્ષ્યમાં સમાજ શું કરી શકે? મને લાગે છે કે વ્યક્તિગત વિકાસની પ્રક્રિયામાં સમાજ બાધારૂપ ન બને તો પણ ઘણો ફરક પડશે. ખેદની વાત છે કે ઘણી શાળાઓ રાજકીય પરિબળોની અસર હેઠળ છાત્રોની સ્વતંત્ર વિચારસરણીને પ્રોત્સાહન આપવાને બદલે વ્યક્તિગત વિકાસની પ્રક્રિયામાં અડપલાં કરતી જોવા મળે છે. સાવ નાનાં ભૂલકાંઓ પરનો આવો અવિવેકી અંકુશ તેમની મુક્તપણે વિચારી શકવાની ક્ષમતાને મૃતઃપ્રાય કરી નાખે તો તેમના વૈયક્તિક વિકાસનું શું થશે?

ટૂંકમાં, વ્યક્તિની બાહ્ય અને આંતરિક પરિબળોથી મુક્તિ જ તેને વૈયક્તિક વિકાસની પૂર્ણતા તરફ અગ્રેસર કરે છે. તે રીતે તેના જીવનને સમગ્ર અને સ્વસ્થ બનાવવા તક પૂરી પાડે છે.



## • શિક્ષણ એક કળા •

ધરતી પર અવતરતું દરેક બાળક એક દિવ્ય લક્ષણ લઈને આવે છે : જિજ્ઞાસાવૃત્તિ. આ એક નાનકડા શબ્દનું મહત્ત્વ શિક્ષણજગતમાં કેટલું બધું છે! બાલમિત્રો સાથે ક્રીડાંગણમાં મશગુલ શિશુની આંખમાં જુઓ. કેવું મુક્ત છે તેનું મન! કેવું સુંદર છે તેનું મનોવિશ્વ!

બાળકના વિકાસની સાથે સાથે બીજાઓનું ધ્યાન ખેંચવાની અને તેમની સ્વીકૃતિ પામવાની ઈચ્છા પ્રગટે છે. તેને મહત્ત્વાકાંક્ષાની શરૂઆત કહેવાય. આમ જુઓ તો આ વૃત્તિ સ્વાભાવિક છે, તેમજ સામાજિક ગઠબંધન સારું આવશ્યક પણ છે. પરંતુ મહત્ત્વાકાંક્ષા જ્યારે ગેરમાર્ગે દોરાઈને ઉચ્છ્રંખલ બને ત્યારે માણસ સતત મહત્તાના કેફમાં રાચતો રહે. પરિણામતઃ સામાજિક સમસ્યાઓનું એક વિષચક્ર ગતિમાન થાય. કેળવણી અને કેળવણીકારોનું કાર્યક્ષેત્ર અહીંથી શરૂ થાય છે.

સૌ પ્રથમ તો સફળતાની વ્યાજબી વ્યાખ્યા બાળકને ગળથૂથીમાં આપવી પડશે. સમાજ માટે કંઈક કરી છૂટવાની ધગશનું છાત્રમાં સિંચન કરવાનું છે. આવું કરતી વેળા મળતો નિજાનંદ એ જ તેનો અધિકાર છે તેવું તેને શીખવવાનું છે.

જો કે એનો અર્થ એવો હરગિજ નથી કે માણસે સામુદાયિક જીવન માટે સાધનમાત્ર બની રહેવાનું છે. મધમાખી કે કીડી જેવું યંત્રવત્ જીવન માનવને ઓછું શોભે? તે વિચારે અને વિચરે એકલો પણ તેવા જીવનનો હેતુ અહંકેન્દ્રી તો ન જ હોવો જોઈએ. આધુનિક સમયમાં જ્યારે કુટુંબનું કેળવણીના માધ્યમ તરીકે મહત્ત્વ ઘટી રહ્યું છે ત્યારે આવા સંસ્કરણનો સઘળો ભાર શિક્ષણસંસ્થા પર આવી પડે તે સ્વાભાવિક છે.

ડાર્વિનના અસ્તિત્વના સિદ્ધાંત, ''પર્યાવરણનો સૌથી સશક્ત જીવ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે'' નું આપણે મનઘડંત અર્થઘટન કર્યું. રાજકીય પરિબળોએ બળતામાં ઘી હોમ્યું અને ''જીવો જીવસ્ય ભક્ષણમ્'' સિદ્ધાંત પ્રિયતર બનતો ચાલ્યો. શિક્ષણની આ પ્રથમ સમસ્યા છે.

શિક્ષણનું વ્યવસાયીકરણ એ આ સમસ્યાનું બીજું મહત્ત્વનું કારણ છે. માત્ર વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવતો યુવાન એક ક્ષેત્રમાં નિષ્ણાત બને પરંતુ જીવનનાં અન્ય પાસામાં દિશાહીન બને. આજે તો ચારેકોર સૂટ-બૂટમાં સજ્જ બેરોજગાર ડિગ્રીધારકોનાં ટોળાં દષ્ટિગોચર થાય છે. આ બધાયને બેઠા-બેઠા કામ કરવું છે, સારી આમદાની જોઈએ છે ને વધુમાં કૃત્રિમ સત્તાની ભૂખ તો ખરી જ!

ચાલો, હવે તેનાથી સાવ ઊલટું દશ્ય બતાવું. શાળામાં બાળકને સ્વતંત્રપણે વિચારવાની અને કામ કરવાની પ્રેરણા મળે, સાથે સાથે વિશાળ દષ્ટિ સાંપડે. આવો સ્નાતક બદલાતા વાતાવરણમાં સરળતાથી સાયુજ્ય સાધવા સક્ષમ હશે. તો પોતાનો અને પ્રણાલીનો વિકાસ કરવા સતત ઉત્સુક હશે, ખરું ને? મુદ્દાની વાત તો એ છે કે ''કેમ શીખવું'' તે કરતા 'કેમ

ભણાવવું' એ વધારે મહત્ત્વનું છે. અહીંયા તો માહિતીના ઠંડાગાર પાણી વડે યુવાનની જિજ્ઞાસાવૃત્તિને જ ઠીંગરાવી દેવામાં આવે છે. એક સરસ ઉક્તિ છે, ''શાળામાં ગોખેલા પાઠો ભૂલાઈ ગયા પછી વ્યક્તિત્વમાં શેષ રહેલ સોડમ એટલે શિક્ષણ.''

સુધારાનો આટલો જ અવકાશ શિક્ષણની પદ્ધતિમાં પણ છે. બધા જાણે છે કે બળબજરી અને ધાક-ધમકીને માધ્યમ બનાવી અપાતું શિક્ષણ માત્ર આજ્ઞાંકિત અને નિર્માલ્ય યુવાનોને જન્મ આપે. છતાંય યુરોપના ઘણા દેશોમાં આવી લશ્કરી શાળાઓ કાર્યરત છે, તે કેવું કમનસીબ દૃશ્ય છે! વિદ્યાર્થી પાસેથી સન્માન મેળવવા માટે શિક્ષક પાસે માનવતા અને વિષયના ઊંડા જ્ઞાન જેવા સદ્‌ગુણો હોવા જોઈએ. તો બીજી બાજુ કેળવણીના ક્ષેત્રને શાસકીય જંજીરોમાંથી મુક્ત કરવું તેટલું જ આવશ્યક છે.

પરીક્ષા એ આધુનિક શિક્ષણપ્રણાલીનું અનિવાર્ય અંગ છે. તેનું મહત્ત્વ હું પણ સમજું છું. પરંતુ પરીક્ષામાં મેળવેલ ગુણને એકમાત્ર પારાશીશી બનાવી દેવાથી વિદ્યાર્થીમાં તીવ્ર સ્પર્ધાત્મક વલણ જન્મે, અને શિક્ષણનો મૂળ હેતુ : 'વ્યક્તિત્વનો વિકાસ' ક્યાંય પાછળ રહી જાય. છાત્ર પરીક્ષણને વધુ અસરકારક અને અર્થપૂર્ણ બનાવવા માટે વિદ્યાર્થીની વિચાર, અન્વેષણ અને રચના કરી શકવાની ક્ષમતાને ધ્યાનમાં લેવી જોઈએ. સત્ર દરમ્યાન તેણે ગોખેલા પાઠોનું પુનરાવર્તન કરવાની શક્તિનું પરીક્ષણ તો માત્ર સ્મૃતિકસોટી બની રહે! પરીક્ષાપદ્ધતિ તો એવી હોવી જોઈએ કે તેની અભિરુચિ સતત વધતી રહે.

અંતમાં, મારે નમ્રપણે સ્વીકારવું જ રહ્યું કે માનવસભ્યતાના આ મહાન ક્ષેત્રમાં માત્ર વાણીવ્યાસંગથી નહીં ચાલે. આપણે સહુએ એકઠા મળી સંનિષ્ઠ પ્રયાસો હાથ ધરવા પડશે. શિક્ષણને જીવંત રાખવા દરેક શાણા માણસે તન-મન-ધનથી જોડાઈ જવું પડશે.

## • સમાજવાદ શા માટે? •

માણસ એક એકાકી હસ્તી છે અને સાથે સાથે તે એક સામાજિક અસ્તિત્વ પણ છે. તેનું નિઃસંગ અસ્તિત્વ પોતાનું તથા સ્વજનોનું રક્ષણ કરવામાં, વ્યક્તિગત ઈચ્છાઓ પૂરી કરવામાં તથા આંતરિક શક્તિઓ ખીલવવામાં ચરિતાર્થ થાય છે. જ્યારે સામાજિક હસ્તી તરીકે માણસ તેના સહજીવીઓની લાગણી અને સ્વીકૃતિ પ્રાપ્ત કરવા, તેમનાં સુખ-દુઃખાદિકમાં સહભાગી થવા અને જીવનધોરણ સુધારવા પ્રયત્ન કરે છે. આવા દ્વંદ્વાત્મક અને વિરોધાભાસી વ્યક્તિત્વનું મિશ્રણ અને તેની આંતરિક સ્થિરતા માણસની સામાજિક ઉપયોગિતા નક્કી કરે છે. આ બે કાર્ય - ઈચ્છાની સાપેક્ષ અસરો પ્રાયઃ તેને વારસમાં જ પ્રાપ્ત થતી હોય છે. પરંતુ અંતિમ સ્વરૂપ જે દૃષ્ટિભૂત થાય છે તેનું ઘડતર તો પર્યાવરણ જ કરે છે. સમાજનું બંધારણ, રીત-રિવાજો, વલણો વગેરે તેના વ્યક્તિત્વને આખરી ઓપ આપે છે.

બીજી બાજુ, વ્યક્તિના સંદર્ભમાં સમાજ એટલે તેના સમકાલીન કે પૂર્વકાલીન



માણસો સાથેના સીધા કે આડકતરા સંબંધોનો સરવાળો. એકલો માણસ વિચારે, અનુભવે, કામ કરે અને સંઘર્ષ પણ કરી શકે પરંતુ તેનું શારીરિક, બૌદ્ધિક અને ભાવનાકીય અસ્તિત્વ એટલું બધું સમાજાવલંબી છે કે તેને સામાજિક માળખાથી ભિન્ન રાખી સમજવો મુશ્કેલ છે. તેને અન્ન, આવરણ અને આવાસ સમાજ આપે છે. કામ કરવા માટે સાધન-સંસાધનો, ભાષા, વિચારનું સ્વરૂપ અને સામગ્રી સુદ્ધાં સમાજ આપે છે. ભૂત અને વર્તમાનના લાખો લોકોના પરિશ્રમ અને ઉપલબ્ધિઓના પરિપાકે તેનું જીવતર શક્ય બને છે અને આ સઘળું એક ટચુકડા શબ્દ ''સમાજ''માં સમાઈ જાય છે!

માણસના અને કીટકોના સમાજ પરના અવલંબન વચ્ચે એક નાનો તફાવત છે. કીડી અને મધમાખીની જીવનાવલી સૂક્ષ્મતમ સ્તરે વારસાગત વૃત્તિ દ્વારા નક્કી થાય છે. જ્યારે મનુષ્યની સામાજિક પ્રણાલી અને આંતરસંબંધો વિવિધરંગી અને પરિવર્તનશીલ છે. સ્મૃતિ, સંયોજનશક્તિ અને મૌખિક અભિવ્યક્તિ જેવી ક્ષમતાઓ કેળવી તે જૈવિક આવશ્યકતાનાં બંધનો ઢીલાં કરી શક્યો છે. જેના પરિણામે આપણને નવતર પ્રણાલીઓ અને સંસ્થાઓ ઉપલબ્ધ થયાં. સાહિત્ય, કળા, વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં તેનો વિકાસમાર્ગ કંડારાયો.

જન્મથી જ માણસને એક સ્થિર જૈવિક બંધારણ અને પ્રકૃતિ પ્રાપ્ત થાય છે. વળી તેના આયખા દરમિયાન તેને એક સાંસ્કૃતિક બંધારણ પણ સાંપડે છે. વાસ્તવમાં માણસનું સાંસ્કૃતિક બંધારણ એ જ તેના વ્યક્તિત્વનો પરિવર્તનશીલ ભાગ છે. પ્રાચીન સંસ્કૃતિઓના તુલનાત્મક વિશ્લેષણ દ્વારા એવું તારવવામાં આવ્યું છે કે માણસનું સામાજિક વલણ સાંપ્રત સાંસ્કૃતિક પ્રણાલી અને સંસ્થાઓ પર નિર્ભર છે. માનવસમાજના સર્વનાશને અટકાવવા કાર્યશીલ મનુષ્યોના આશાવાદનું આ મહત્ત્વનું કેન્દ્રબિંદુ છે.

હવે મહત્ત્વનો પ્રશ્ન એ બની રહે છે કે સામાજિક વલણોને કઈ દિશામાં વાળવાં જેથી બહુધા સંતુષ્ટ સામાજિક જીવન પ્રાપ્ત થાય. કિન્તુ, રખે ભૂલાય કે કેટલાંક પરિબળો આપણી પહોંચની બહાર છે. દા.ત. સામાન્યતઃ અપરિવર્તનશીલ એવું જૈવિક બંધારણ. વધુમાં ટેકનોલોજી અને જૈવ-ભૌગોલિક વિકાસના કેટલાક એવા તબક્કા આપણે પાર કરી ગયા છીએ જ્યાંથી પાછું વળવું શક્ય જ નથી. નાના કબીલાઓમાં જીવતા અને જીવનોપયોગી જણસોની બાબતમાં નિરાવલંબી સમાજની વાતો હવે નહીં ચાલે. હવે તો જે જગ્યાએ ગીચ વસ્તી છે ત્યાં સામાન્ય વપરાશની વસ્તુઓની આપૂર્તિ કરવા ઉત્પાદનતંત્રનું કેન્દ્રિયકરણ કરવું આવશ્યક છે. જેને પરિણામે શ્રમ-વિભાજન વિષમ બનશે. લગીરેક છૂટ લઈએ તો એવું કહી શકાય કે જગત એ ઉત્પાદકો અને વપરાશકારો એમ બે ભાગમાં વહેંચાયેલા ભૂમંડલીય માનવસમૂહથી વિશેષ કશું નથી!

ચર્ચાના આ તબક્કે સાંપ્રત સમસ્યાઓનું બયાન પ્રસ્તુત બની રહેશે. આપણી મોટાભાગની સમસ્યાઓના પાયામાં વ્યક્તિ-સમષ્ટિ સંબંધો છે. આજના માણસને પોતાનું

સમાજ પરનું અવલંબન હવે વધુ કઠે છે. પહેલાં તેને આ સંબંધ એક વિધાયક પ્રાકૃતિક જોડાણ કે સુરક્ષા-કવચ જેવું લાગતું જે હવે તેની સ્વતંત્રતા સામેના પડકાર જેવું ભાસે છે. બદલાતા જતા સામાજિક બંધારણમાં માણસનું સ્થાન પણ એવું બન્યું છે કે જેથી તેની અહંભાવાત્મક ઝંખનાઓ ભડકતી રહે છે અને સામાજિકતા કાળક્રમે ઘસાતી રહે છે. આ કમનસીબ પ્રક્રિયા બધા સામાજિક સ્તર પર ચાલુ છે. પોતાની જ જાળમાં સપડાયેલા કરોળિયા જેવો બાપડો માનવી પોતે એકલો અને અસુરક્ષિત હોવાનો ભ્રમ સેવે છે અને જીવનના નિર્વ્યાજ આનંદથી વંચિત રહે છે. મારી તો સ્પષ્ટ માન્યતા એવી છે કે જો ક્ષણભંગુર જીવનના માલિક એવા માણસે જીવનમાં અર્થ મેળવવો હશે તો સમાજને સમર્પિત થવું પડશે.

વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચેના સંબંધમાં સમસ્યા છે તેવું આપણે નિશ્ચિત કરી લીધું, ખરું ને! તો ચાલો હવે આ સમસ્યાનું સ્વરૂપ તથા તેના પાયામાં રહેલાં કારણોને જોઈએ.

મને તો લાગે છે કે મૂડીવાદના શેતાને પ્રવર્તાવેલી આર્થિક વિષમતા આ સઘળી તકલીફોનો પાયો છે. પૂર્વકાલીન સમાજમાં વપરાશકારો જેટલી જ સંખ્યામાં ઉત્પાદકો પણ હતા. વેપારમાં હરીફાઈ તો તે વેળા પણ થતી, પરંતુ આજના જેવો સંઘર્ષ નહીં. ન્યાયના ત્રાજવાને તેઓ સન્માનતા. આજે ઉત્પાદનનાં સાધનો બહુધા ખાનગી માલિકીનાં થયાં છે. યંત્રધારક શ્રમશક્તિ ખરીદવાની સ્થિતિમાં છે. કામદાર યંત્રોનો ઉપયોગ કરી ચીજ-વસ્તુઓ પેદા કરે છે જે મૂડીવાદની 'ખાનગી મિલકત' બને છે. બસ, અહીંથી જ બખેડો શરૂ થાય છે. શ્રમિકે પેદા કરેલ માલ અને તેને વળતર તરીકે મળતું વેતન એ બંનેને જો 'મૂળ કિંમતની' આંકણીથી આંકવામાં આવે તો જ ખરી વાત સમજાય. પરંતુ અહીંયા તેની કોઈને પડી નથી. મજદૂરને આ શેઠિયાઓ કહે છે, ''તારે ખાવા કેટલું જોઈએ, બે મુઠ્ઠી ધાન્ય જ ને?'' આમ લઘુત્તમ જરૂરિયાત જેવા લોભામણા શબ્દ વડે ઉદ્યોગપતિઓની શ્રમસંપાદનની ગરજને છાવરવામાં આવે છે. હજુ સુધી આપણે ઉત્પાદિત જણસની મૂળ કિંમત સાથે મજદૂરના વેતનને સાંકળવું જોઈએ એવી સૈદ્ધાંતિક સ્વીકૃતિ પણ નથી કરી શક્યા તે કેવી શરમજનક વાત છે?

ટૅકનોલોજીનો વિકાસ થતાં મોટાં કારખાનાં ઊભાં થયાં. લઘુ ઉદ્યોગો ભોંયભેગા થયા. શ્રમવિભાજન વધુ ને વધુ વિષમ થતું ચાલ્યું. મૂડીવાદીઓ વચ્ચે ગળાકાપ હરીફાઈઓ થવા માંડી અને 'બળિયાના બે ભાગ' એ ન્યાયે મૂડીનું ધ્રુવીકરણ થતું ગયું. લોકશાહી જેવી પ્રણાલી પણ મૂડી પર પ્રજાનું શાસન સ્થાપવા સફળ થઈ નથી. તેનું કારણ શું? લોકોના કહેવાતા પ્રતિનિધિઓ અને રાજકીય પક્ષો પેલા અમીર માંધાતાઓના જ પીઠ્ઠુ હોય તો પછી તેઓ સમાજના કચડાયેલા વર્ગનું પ્રતિનિધિત્વ શેં કરશે? અધૂરામાં પૂરું જાહેર પ્રસાર માધ્યમો પણ મૂડાવાદી વર્ગના હાથમાં ગયાં અને આમ જનસામાન્યના કાન અને આંખ



પણ ગીરવે મૂકાયાં. હવે પછી તે બિચારા નાગરિક માટે તો તેનો ધારાકીય હક્ક એ પણ તેને આસમાની સુલતાની જેવો જ દેખાય ને?

મૂડીવાદી સમાજની બે મુખ્ય વિશેષતાઓ છે. ઉત્પાદનના સાધનોની ખાનગી માલિકી, તેનો યથેચ્છ ઉપયોગ, અને મુક્ત શ્રમસંપાદન. જો કે આ અર્થમાં શુદ્ધ મૂડીવાદી પ્રણાલીનું અસ્તિત્વ શક્ય જ નથી. અહીં મારે સહર્ષ ઉલ્લેખ કરવો પડેશે કે કામદારોએ આકરી લડત આપી. કેટલાક હક્કો મેળવ્યા છે પણ આ દિશામાં ઘણું કરવું અનિવાર્ય છે.

ઉત્પાદન નફો રળવા કરાય છે, એક જરૂરિયાત તરીકે નહીં. શ્રમની વાત કરીએ તો, જેને કામ કરવું છે તેને કામ મળશે એવી કોઈ બાંયધરી નથી. જેની પાસે કામ છે તેને તે ગુમાવવાનો ડર રહ્યા કરે છે. આવો શ્રમિકવર્ગ પોતાની ખરીદશક્તિ ગુમાવી રહ્યો છે. જીવવા માટે આવશ્યક ચીજોનું ઉત્પાદન નફાકારક ન નીવડતાં ઘટતું જાય. આવશ્યક ચીજોની તાણ વર્તાય એટલે ભાવો વધે, ભાવો વધે એટલે સર્જાય ભૂખમરો અને રોટી રમખાણ. આમ, મૂડીવાદનું જો કોઈ સૌથી ખરાબ દૂષણ હોય તો તે છે કોરાણે મૂકાતી સામાજિક જવાબદારીની ભાવના. અરે, જ્યાં શિક્ષણપ્રથા સુદ્ધાં આવાં દૂષણનો ભોગ બની છે ત્યાં અર્થકારણને શો દોષ દેવો?

સાંપ્રત આર્થિક સમસ્યાઓના સ્વરૂપ અને કારણો વિષે વાત કર્યા બાદ સમસ્યા-ઉકેલના આશાવાદ તરફ વળીએ.

સમાજવાદી અર્થતંત્ર અને સમાજલક્ષી શિક્ષણપ્રણાલી. આ બે ઉપાયો મને સમાજના આર્થિક ઉત્પાદન માટે આવશ્યક લાગે છે. એક એવું અર્થતંત્ર, કે જ્યાં યંત્રચક્રો પર સમાજનો કાબૂ હશે. તેનો આયોજનબદ્ધ ઉપયોગ થશે. મૂડી, યંત્ર અને શ્રમના વિવેકી સમાયોજન દ્વારા દરેક નાગરિકને જીવિકાની બાંયધરી આપવામાં આવશે. શિક્ષણ તેનું કામ કરશે. માણસને તેનું વ્યક્તિત્વ ખીલવવા સાથે સાથે સમાજ પ્રત્યે સભાન થવાનું શીખવશે.

સમાજવાદ આણવાની વાત મધમીઠી લાગે પણ તે ઘણું અઘરું, લગભગ અશક્ય કાર્ય છે. આમ તો વ્યક્તિમાત્રની સ્વતંત્રતા હણીને પણ સમાજવાદ લાવી શકાય. સમાજવાદની અલકનંદા વડે આ ખલકને વધાવતા પહેલાં ઘણી અડચણો દૂર કરવી પડશે. આજે સમાજમાં જ્યાં આટલી હદ સુધી આર્થિક અને રાજકીય શક્તિઓનું ધ્રુવીકરણ થયું છે ત્યાં ઊંચી પાટલીએ બેઠેલાઓને કેમ કરી નાથીશું? માણસના કુદરતી હક્કોનું જતન અને અમલદારશાહી સામે તેનું સંતુલન કઈ રીતે જાળવીશું? બસ, હું તો આ પ્રાણપ્રશ્નો તમારી સામે ઉચ્ચારીને વિરમું છું અને રહું છું.

## • મિત્રો વિષે •

### મહાત્મા ગાંધી

(મહાત્મા ગાંધીના સીત્તેરમા જન્મદિવસે ૧૯૩૯, ''આઉટ ઑફ માય લેટર યર્સ'', ન્યૂયોર્ક ફિલોસોફિકલ લાયબ્રેરી, ૧૯૫૦માં પ્રકાશિત)

મહાત્મા ગાંધીને હું એક દેશનેતા, રાજપુરુષ, યુદ્ધવીર અને માનવતાવાદી મહાપુરુષ તરીકે પિછાનું છું. સત્તાધારીઓનો ટેકો માગ્યા વગર જેણે ભારતની પ્રજાને દોરી છે, એ માણસની સફળતાનું રહસ્ય શું છે? રાજકીય સૂઝ-બૂઝ કે એવું કંઈ? ના, ગાંધીજી માત્ર પોતાના વ્યક્તિત્વના પ્રભાવે લોકોને અભિભૂત કરી શકે છે, તેમને સમજાવી શકે છે. એક અહિંસક યુદ્ધવીર તરીકે સદાય તેમણે બળપ્રયોગને વર્જ્ય ગણ્યું છે. મહાત્માની નમ્ર બુદ્ધિમત્તાની સાથે સાથે પેલી સાતત્યપૂર્ણ નીતિમત્તા કેવી શોભે છે?

યુરોપિયન શાસકોની પાશવીવૃત્તિ સામે જીવનભર ઝઝૂમી દેશના ગરીબ બાંધવોનું કલ્યાણ વાંછનાર આ મહાપુરુષ સદાય મુઠ્ઠી ઊંચેરો માનવ ગણાશે. તથા હવે પછીની પેઢી માટે આવો હાડ-ચામનો દેહધારી માનવ આ ધરતી પર ચાલેલો એવું માનવું મુશ્કેલ થશે.

મહાત્મા ગાંધી એવા સ્વયંસિદ્ધ જનનાયક છે, જેની સફળતા કોઈ બાહ્ય કળા કારીગરી પર આધારિત નથી પણ તેમની સંવાદ ક્ષમતા પર અવલંબે છે. આ પ્રબુદ્ધ મહામના પ્રબળ સંકલ્પ શક્તિ અને અખંડ સાતત્ય જેવા અહિંસક શસ્ત્રો દ્વારા કોઈ પણ પ્રકારની હિંસા વગર સતત જીવતા રહ્યા છે. મહાત્માજીએ પોતાની તમામ શક્તિ-સામર્થ્ય પોતાના દેશબાંધવોના કલ્યાણ માટે સમર્પિત કરી દીધા છે. આ એ જ માણસ છે, જેણે યુરોપની ક્રૂર તાકતોનો આમ આદમીની ગરવાઈ વડે સામનો કર્યો છે અને દરેક વેળા મુઠ્ઠી ઊંચેરા સાબિત થયા છે.

### જ્યોર્જ બર્નાર્ડ શૉને વંદન

વિશ્વમાં બહુ ઓછા એવા માણસો થયા છે કે જેઓ પોતાના સમસામયિકોની મર્યાદાઓ અને મૂર્ખતાને તટસ્થ રીતે મૂલવી શકે અને તેમનાથી બચી શકે. અને જ્યારે સામાજિક માન્યતાઓના સામે પ્રવાહે તરવાની વાત આવે ત્યારે તો ભલભલા સાચી વાત ઝાલી રાખવાને અસમર્થ બની જાય છે. શ્રી જ્યોર્જ બર્નાર્ડ શૉ જેવા કેટલાક વિરલ વ્યક્તિત્વો જ પોતાના અવૈયક્તિક કળા કૌશલ્ય દ્વારા સૂક્ષ્મ રમુજ સાથે સમાજને આરસી ધરી શકે. માનવ સમાજને કેળવણી સાથે ઉચ્ચ કક્ષાનો આનંદ પ્રદાન કરવાની કળાના મહારથીને વંદન કરું છું!

### મેક્સ પ્લેન્કની સ્મૃતિમાં

જેણે જગતને અનેક મહાન રચનાત્મક વિચારોની ભેટ આપી છે, એને હવે આપણી શ્રદ્ધાંજલિના સ્તુતિવાક્યોની શી ગરજ! તેની સિદ્ધિઓએ તેને એક વેંત ઊંચું સ્થાન રળી જ આપ્યું છે.



જો કે આ (શ્રદ્ધાંજલિ) વિશ્વના ખૂણે ખૂણેથી અહીંયા એકઠા થયેલા જ્ઞાન અને સત્યના સહુ પથિકોનું શ્રેયકારક ઉત્તરદાયિત્વ છે. રાજકીય વૃત્તિઓ અને નઠારી તાકતો સામાન્ય માણસને પીડી રહી હતી તેવા કપરા કાળે સત્યની મશાલને જીવતી રાખવાના પ્રયાસને બિરદાવવા આપણે સહુ એકઠા થયા છીએ. મેક્સ પ્લેન્કમાં સત્યને ખોળનારા મરજીવા વૈજ્ઞાનિકોને એક તાંતણે બાંધી રાખનાર વિભૂતિનાં દર્શન થાય છે.

એ ખરું કે પ્રાચીન ગ્રીસમાં પદાર્થના આણ્વિક સ્વરૂપનો સ્વીકાર થયો હતો પણ આ વિભાવવાને મૂર્ત રૂપ આપવાનો યશ ઓગણીસમી સદીના વૈજ્ઞાનિકોને ફાળે જાય છે. જો કે એ હકીકતનો સ્વીકાર કરવો રહ્યો કે પ્લેન્કના અણુવિકિરણના સિદ્ધાંતને આધારે - કોઈ બીજી અવધારણા વિના - અણુના કદની વિભાવનાનો વિકાસ થયો. એ ઉપરાંત મેક્સે આપણને સમજાવ્યું કે જેમ પદાર્થને એક આણ્વિક બંધારણ છે, તે રીતે ઊર્જાને પણ તેનું આણ્વિક બંધારણ છે, જેનો અચળાંક 'એચ' છે.

મેક્સ પ્લેન્કની આ મહાનતમ શોધ વીસમી સદીના ભૌતિક શાસ્ત્રના સમૂળા વિકાસની કરોડરજ્જૂ બની રહી છે. આ શોધ વગર અણુ અને પરમાણુના રૂપાંતરણની ઊર્જા પ્રક્રિયાઓને સમજવાનો કોઈ વ્યવહારુ રસ્તો જ ન જડ્યો હોત! વધુમાં, તેની આ શોધે યંત્રશાસ્ત્ર અને અણુગતિશાસ્ત્રની પ્રસ્થાપિત શાસ્ત્રીય વિભાવનાઓને ધરમૂળથી ઉખેડી કાઢી અને ભૌતિકશાસ્ત્રના વિશ્વમાં નવી દિશા ખોલી આપી. જો કે હજુયે આપણી સફર અધૂરી છે અને અનેક નવા આયામો ખોળવાના બાકી રહે છે.

અમેરીકન નેશનલ એકેડમી ઓફ સાયન્સ આશાવંત છે કે શુદ્ધ જ્ઞાન-વિજ્ઞાનની આ શોધયાત્રા વણથંભી અને અવિરત ચાલુ રહેશે. અને આ આપણી મેક્સ પ્લેન્કને ખરી શ્રદ્ધાંજલિ ગણાશે.

(અનુવાદકની નોંધ : પ્રાચીન ભારતમાં દાર્શનિક મહર્ષિ કણાદના વૈશેષિક દર્શનમાં પદાર્થના સૂક્ષ્મતમ અંશોનું અને પદાર્થના ગુણધર્મોનું વિશદ દર્શન છે. તેના ગતિના સિદ્ધાંતો પણ આધુનિક ઉપલબ્ધિઓને ખૂબ મળતા આવે છે. તેની નોંધ લેવી ઘટે.)

### મેડમ ક્યુરીને શ્રદ્ધાંજલિ

આજે જ્યારે મેડમ ક્યુરી જેવી મહાન અસ્મિતા અસ્ત પામી છે ત્યારે માનવજાત માટે તેણે કરેલા યોગદાનનું સ્મરણ માત્ર પર્યાપ્ત નહીં ગણાય. માનવ સમાજ માટે અગ્રણીઓની બૌદ્ધિક સિદ્ધિઓ કરતાં તેમના નૈતિક ગુણાદર્શોનો સવાયો ખપ છે. એ વાત આપણે બહુ સારી રીતે સમજી નથી શક્યા કે હકીકતમાં માણસની બૌદ્ધિક સફળતા તેના નૈતિક ચારિત્ર્ય પર ટકેલી છે.

એ મારું સદ્‌ભાગ્ય છે કે મને મેડમ ક્યુરી સાથે બે દાયકાની નિર્વ્યાજ અને ઉદાત્ત મૈત્રીનો લ્હાવો મળ્યો છે. હું તેમની માનવીય ગરિમાનો ઊંડો ચાહક રહ્યો છું. મેડમના ગુણોની યાદી કરવાનો એક નમ્ર પ્રયાસ કરું તો - તેમની ઊર્જા, શુદ્ધબુદ્ધિ, રહેણીકરણીમાં

સાદગી, અપ્રતિમ વસ્તુનિષ્ઠા અને અણિશુદ્ધ પ્રજ્ઞા - આ બધાં એક માણસમાં ભેગા જોવા મળે એ વિરલ છે. મેડમ ક્યુરીની દરેક વાત અને વર્તનમાં સમાજને સમર્પિત સેવકના સતત દર્શન થતા અને તેની વિનમ્રતાને લીધે આ બધું સાવ સહજ ભાસતું! સમાજમાં વ્યાપ્ત અસમતુલા અને ઘર્ષણથી તેઓ ખૂબ ચિંતિત હતા અને આ વાત તેમના બાહ્યાચારોમાં સ્પષ્ટ રીતે વ્યક્ત પણ થતી. તેમની નજીક ન હોય તેવી વ્યક્તિઓ તેમના મનોભાવોને સારી રીતે સમજી ન શકતા અને તેને લીધે મેડમે ઘણી ગેરસમજણો પણ વેઠી. એક વાર તેમના મનમાં કોઈ વાત જડ ઘાલે પછી તેને ક્યારેય પડતી ન મૂકે, તેવો તેમનો દૃઢ સ્વભાવ રહ્યો હતો.

રેડીયો એક્ટિવ તત્વોના અસ્તિત્વને સિદ્ધ કરવું અને તેમને શુદ્ધ સ્વરૂપમાં તારવવા એ તેમના જીવનની સૌથી મોટી વૈજ્ઞાનિક ઉપલબ્ધિ હતી. આ મહાન સિદ્ધિને રખે કોઈ તેમની આંતરસૂઝનો પરિપાક માત્ર સમજે, અનેક અગવડો વેઠીનો પ્રચંડ પરિશ્રમ દ્વારા તેમણે આ સિદ્ધાંત તારવ્યો હતો.

મેડમ ક્યુરીની આત્મશક્તિ અને ધગશનો એક નાનો અંશ પણ યુરોપના બુદ્ધિજીવીઓમાં જીવંત રહશે તો યુરોપનું ભાવિ ઉજ્જવળ છે.

**સિગ્મંડ ફ્રૉઈડને પત્ર**

સ્નેહી પ્રોફેસર ફ્રૉઈડ,

તમારામાં સત્યને પામવાની ઊર્મિઓને બીજા મનોભાવોથી સતત ઉપર ઉઠતી જોઈને મને ખૂબ આદર થાય છે. તમે પ્રેમ અને ચેતના જેવા વિધાયક ભાવોની લગોલગ માનવ મનમાં જામેલી સંઘર્ષ અને હિંસાની વૃત્તિનું નિર્ભ્રાંત નિદર્શન કરાવ્યું છે. એ સાથે તમારી દલીલોમાં માનવને આંતરિક અને બાહ્ય સંઘર્ષથી મુક્ત કરવાની શ્રેયબુદ્ધિનાં દર્શન થાય છે. ભગવાન ઈસુથી માંડીને ગટે કે કાન્ટ સુધીના આધ્યાત્મિક નેતૃત્વે પોતાના સમયથી ઉપર ઊઠીને જે કેડી કંડારી છે, તે આદર્શના દર્શન તમારી વાતોમાં થાય છે. જગની અવળી ગતિને સવળી કરવાના તેમના પ્રયાસોને થોડી ઘણી સફળતા પણ મળી છે એ કંઈ નાનીસૂની વાત છે!

મારું માનવું છે કે પોતાના સંકુચિત સામાજિક દાયરામાંથી ઉપર ઊઠીને કશુંક નાનુંમોટું કામ કરનાર એવી દરેક અસ્મિતામાં કોઈ એક મૂળ આદર્શ રહ્યો છે. જો કે તેમનો આ આદર્શ રાજકર્તાઓ પર કોઈ અસર ઉપજાવી શક્યો હોય તેવું દેખાતું નથી. રાજકર્તાઓના બેજવાબદાર વલણો અને હિંસાના માર્ગે જ રાષ્ટ્રોનું ભાવિ સરી રહ્યું હોય તેવું લાગે છે.

રાજકીય નેતાઓ અને સરકારો પોતાના અસ્તિત્વ માટે આંશિક રીતે બળજબરી અને આંશિક રીતે લોકશાહી ચૂંટણીનો આધાર રાખે છે. તેમને રાષ્ટ્રના નૈતિક કે બૌદ્ધિક રીતે ઉત્તમ પરિબળોના પ્રતિનિધિ માની શકાય તેમ નથી. બૌદ્ધિક અસ્મિતાનો રાષ્ટ્રોના ઈતિહાસ પર ખાસ પ્રભાવ હોય તેવું નજરે ચઢતું નથી. વેરવિખેર એવા બુદ્ધિજીવી વર્ગનો સાંપ્રત સમસ્યાઓના હલ કરવામાં કોઈ પ્રભાવ નથી. તમને એવું નથી લાગતું કે જેમણે



કશુંક હાંસલ કર્યું હોય અને જેમના ધ્યેય કે ક્ષમતામાં કોઈ ખોટ ન હોય તેવા બુદ્ધિજીવીઓના મુક્ત સંગઠન દ્વારા આ સમસ્યાઓ હલ કરી શકાય તેમ છે? આ સંગઠન કેવું હશે? તેનું દર્શન કરીએ. આ એક આંતરરાષ્ટ્રીય મંચ હશે. જેના સભ્યો સતત સંવાદ કરતા રહેશે. પ્રસાર માધ્યમો દ્વારા રાજકીય સમસ્યાઓ અંગે પોતાના પ્રામાણિક અભિપ્રાયો વ્યક્ત કરતા રહેશે અને એ રીતે સમસ્યાઓના સમાધાનમાં મહત્ત્વની નૈતિક ભૂમિકા ભજવશે. જો કે સ્વીકારવું રહ્યું કે આવો મંચ (અહંકાર, સ્વાર્થ અને લોભ જેવી) માનવ મર્યાદાઓનો શિકાર થઈ શકે છે અને તેનો દુરુપયોગ પણ સંભવ છે. આવો ભય હોવા છતાં એક પ્રયાસ કરી લેવામાં હું કંઈ ખોટું જોતો નથી.

જો આવો આંતરરાષ્ટ્રીય મંચ ઊભો થાય તો તેણે વિશ્વના ધાર્મિક સંગઠનોને શાંતિ પ્રક્રિયામાં સામેલ કરવા સંનિષ્ઠ પ્રયાસો હાથ ધરવા પડશે. સમાજની ઉપેક્ષાથી નિરાશ થયા છે એવા શાંતિદૂતોને આ પહેલથી ઘણી રાહત મળશે તેવી ધારણા છે. અંતે મારું માનવું છે કે જે ઉમદા હેતુઓ સાથે વિશ્વસંઘની રચના થઈ છે તે સિદ્ધ કરવાના પ્રયાસોને અમૂલ્ય નૈતિક પીઠબળ મંચના સભ્યો પૂરું પાડી શકશે.

આ દરખાસ્ત મેં બીજાને ન કરતાં તમને એટલા માટે કરી છે કે તમારામાં મને એવા માણસના દર્શન થાય છે કે જેના ચિંતનમાં ઉત્તરદાયિત્વની ગંભીરતા સાથે વિચારને સફળ કરવાની મનિષા ઝળકતી હોય.

## • વિશ્વ : એક અદ્‌ભુત અનુભૂતિ •

કેવો વિચિત્ર છે, આ કાળા માથાળો નશ્વર જીવ! જીવનના મૂળ ઉદ્દેશથી સાવ અનભિજ્ઞ, તોયે મનમાં પાછો બહુ માણે!

જાગૃત માણસને સવારથી સાંજ સુધીમાં એકસો ને એક વાર એવું પ્રતીત થાય કે તેનું જીવતર અન્ય સહચરોના પરિશ્રમનો પરિપાક છે. મને પોતાને ઘણી વખત એવું લાગે છે કે હું સમષ્ટિનો ઋણી છું અને મારે તે ચૂકવવું જ રહ્યું. આવી અનુભૂતિ સરળ, સાદગીયુક્ત અને સ્વસ્થ જીવન જીવતા દરેક માટે સ્વાભાવિક છે.

માણસ કોઈ દા'ડો પૂર્ણતઃ સ્વતંત્ર ન હોઈ શકે. તેનું જીવન આંતરિક યા તો બાહ્ય માંગોને પૂરી કરવા કરાતા કાર્યોનો સરવાળો માત્ર છે. શોપનહોવરે એક બુદ્ધિગમ્ય વાત કરી છે, ''માનવી જે ઈચ્છે છે તે કરી શકે છે, પરંતુ જે જરૂરી છે તે ઈચ્છે છે જ ક્યાં?!'' મેં સહેલાં દુન્યવી દુઃખોના સમાધાન માટે આ વાક્ય જડીબુટ્ટી જેવું સાબિત થયું છે, મને ભાગેડુવૃત્તિથી બચાવતું રહ્યું છે. અને તેના પ્રતાપે હું મારી રોજિંદી જિંદગીમાં હળવાશ અનુભવું છું.

માણસના અસ્તિત્વના રહસ્યની ખોજ મને અર્થહીન લાગે છે. જો કે આટલું ખરું કે પ્રત્યેક વ્યક્તિ તેનાં કર્મો અને સિદ્ધિઓ પરત્વે ચોક્કસ માર્ગદર્શક સિદ્ધાંતો ધરાવે છે.

હવે જો ધ્યેયને નીતિમત્તાની એરણે ચઢાવીએ તો એવું લાગે કે કરુણા, સત્ય અને સૌંદર્યને વરેલો માર્ગ શ્રેષ્ઠ છે. માત્ર બાહ્ય સુખાકારીને અંતિમ ધ્યેય સમજી કરાતા પ્રયત્નો માણસના છીછરાપણાનાં દ્યોતક છે. જેમાં સમાયોજનની ઉત્સુકતા, વસ્તુલક્ષી દર્શન અને વિજ્ઞાન કે કલા પ્રત્યે અનુરાગ નથી તેવા જીવનનો શો અર્થ?

''એકલો જાને રે'' એ મારો જીવનમંત્ર છે. દેશ, મિત્ર, બંધુ-સ્વજન વગેરેના મમત્વની દોરી મને બાંધી શકી નથી. એક બાજુ આ અતડાપણું અને બીજી બાજુ સામાજિક ઉત્તરદાયિત્વની તીવ્ર લાગણી પરસ્પર વિરોધાભાસી લાગે છે, ખરું ને? માનવના આંતરસંબંધોની મર્યાદા શાણો માણસ સમજી શકે છે. તે દ્વારા બીજાની ટેવો, મંતવ્યો અને નિર્ણયોથી નિર્લેપ રહી શકે છે. આમ, અતડાપણાનો થોડો દોષ વહોરી લઈને પણ જો થોડી આંતરિક સ્વાયત્તતા ભોગવવા મળે તો ખોટું શું છે?

હવે થોડું રાજકારણ વિષે : લોકશાહી એ સૌથી આદર્શ રાજપ્રણાલી છે. દરેક વ્યક્તિ સમાન ગૌરવની અધિકારી છે. વ્યક્તિપૂજા નિરર્થક છે. જો કે મેં પોતે મારા પ્રશંસકોનો પૂજ્યભાવ માણ્યો છે, પરંતુ તેના માટે હું જવાબદાર નહોતો અને કોઈ ખાસ લાયકાત ધરાવતો નહોતો. સામાન્ય માણસની પોતાની અતૃપ્ત ઈચ્છાઓના પ્રક્ષેપણ સ્વરૂપે એવી વ્યકિતપૂજા થતી હશે. ક્યારેક વળી કોઈ મહામાનવે કરેલો પરિશ્રમ અને પ્રાપ્ત કરેલી સિદ્ધિઓને અંજલિ આપવા સારું આવું થતું હશે.

સંસ્થાકીય કે સામાજિક ઉત્કર્ષ માટે યશભાગી નેતાઓના ચિંતન અને માર્ગદર્શનને હું નકારતો નથી. પરંતુ આવી નેતાગીરીનાં મૂળ જો દમનની ધરામાં ખૂંપેલાં હશે તો લાંબા ગાળે તેમાંથી ભીરુ અને નમાલા નાગરિકો પેદા થશે. જો કે સંવેદનશીલતા અને કૃતિશીલતા જેવી વૈયક્તિક લાક્ષણિકતાઓનું સ્થાન ઈતિહાસના પાને રાજકીય જીવન કરતાં વધુ મહત્ત્વ ધરાવે છે. એનું કારણ એ કે આવા સદ્ગુણોને સમાવી ચૂકેલો માણસ ઉદાત્ત વ્યક્તિત્વનો સ્વામી બને છે.

હું વારંવાર કહું છું કે લોખંડી એડી નીચે નમાલા સમાજને કચડતા રહેલા સરમુખત્યારોને હું ધિક્કારું છું. તો બીજી બાજુ એવું લાગે છે કે હિંસક પ્રણાલી સામે ઝૂકી જતા માણસોને ભગવાને મોટુંમસ મગજ આપી ભૂલ કરી છે, તેમને માટે તો એક નબળી કરોડરજ્જૂ જ પૂરતી હતી. રાષ્ટ્રવાદના નામે વ્યક્તિપૂજા અને નિરર્થક હિંસાનો પ્રચાર કેવો ઘૃણાસ્પદ છે! માનવ સભ્યતાનાં ઉજળાં પાનાંઓ પર ઉપસેલાં આ વરવાં ધાબાંઓ સત્વરે નાબૂદ થવાં જોઈએ.

માનવજાત માટે હું બહુ ઊંચો ખ્યાલ ધરાવું છું. તેથી માનું છું કે જો શિક્ષણ અને પ્રસાર માધ્યમો લુચ્ચા રાજકારણીઓના ગજવામાં કેદ ન હોત તો આ દશા ન હોત.



વિજ્ઞાન અને વિનયનની પવિત્ર વેદી પર થયેલી નિર્વ્યાજ સંવેદનાઓ એ આપણા સ્પર્શક્ષેત્રની અંદરની સૌથી સુંદર અનુભૂતિઓ છે. જેણે તે માણી નથી તેનું જીવન નિરર્થક છે. સામાન્ય બુદ્ધિના ક્ષેત્રની પેલે પાર વિચરતા પ્રકૃતિનાં પરમ સત્યોનો સાક્ષાત્કાર મારા આસ્તિકપણાની ધરોહર છે. બાકી હાથમાં દંડ લઈને ઊભેલા અને કર્મફળોનું વહન કરનાર અજરઅમર અંતર્યામી સાથે મારે કોઈ લેવાદેવા નથી. એ બધા તો નિરર્થક ભગવદ્ભીતિ કે પ્રીતિથી યુક્ત નબળા મનના ગુબ્બારા છે.

હું તો આ વિશ્વના અદ્ભુત બંધારણ અને ચેતન તત્ત્વની નિતાંતતાથી સંતુષ્ટ છું અને પ્રકૃતિના ગર્ભમાં છુપાયેલા નિર્ભેળ ઋતને ખોળી કાઢવા પ્રયત્નો કરતો રહું છું.

## • નિઃશસ્ત્રીકરણ •

એક ઉક્તિ છે : ''રાજ્ય પ્રજા માટે છે, પ્રજા રાજ્ય માટે નથી.'' આવું જ કંઈક વિજ્ઞાનની બાબતમાં કહી શકાય. નિસર્ગનાં અતલ ઊંડાણોમાં ગોથાં મારી આપણા પૂર્વજોએ અણમોલ ખજાના હાંસલ કર્યા છે. તેના વડે માનવજીવન વધુ સગવડભર્યું બન્યું છે, પરંતુ વિજ્ઞાન અને ટૅકનોલોજીના વિકાસે એક અપૂર્વ ભય ઊભો કર્યો છે. તે છે યુદ્ધ અને સર્વનાશનો ભય.

યુદ્ધો શા માટે લડાય છે? કોઈ કહેશે, અમારા રાષ્ટ્રની અખંડિતતા જાળવવા અમે લડીએ છીએ, નાગરિકનું રક્ષણ કરવું અમારી ફરજ છે, વગેરે. પણ તે સારું બીજા દેશમાં વસતા નિર્દોષ માણસોને હણી ઓછા શકાય? બીજાની સ્વતંત્રતાના ભોગે અર્જિત કરેલી સ્વતંત્રતા કે સમૃદ્ધિ રાજ્યની મૂળભૂત ફરજ - લોકસેવાનું અતિક્રમણ કરે છે.

દેશસેવા કે દેશભક્તિ જેવા લોભામણા શબ્દોની પાછળ છુપાઈ આક્રમક રાષ્ટ્રોનો સંકુચિત સ્વાર્થ લુચ્ચું હસતો રહે છે. ભલાભોળા નાગરિકો આ કશું જોઈ શકતા નથી અને દેશને માટે મરવા-મારવા નીકળી પડે છે. એવા લોકો જે અન્યથા અહિંસક વૃત્તિના હોય તેઓ પણ મરણિયા થઈ યુદ્ધમાં ઝંપલાવે છે.

માત્ર કેટલીકવાર મુઠ્ઠીભર લોકો ''ના યુદ્ધ''ની આહલેક જગાવતા રહે છે. ભલે લોકો સાંભળે કે નહીં, તેઓ નાગરિકોને લુચ્ચા રાજકારણીઓની ચાલ સામે સાવચેત કરવા બૂમરાણ મચાવ્યા કરે છે. હું તો આ લોકોને જ સાચા વિરલા ગણું છું.

શાંતિના પુરસ્કર્તાઓને બે વાત નડે છે. એક છે, લગભગ ઉદ્દામવાદી બની ગયેલી અને શીંગચણાની જેમ વેચાતી દેશભક્તિની ભાવના, જેના ઓઠા હેઠળ વિસ્તારવાદી રાજ્યો પોતાના નાગરિકોને ફરજિયાત લશ્કરી તાલીમ આપી યુદ્ધપ્રિય બનાવે છે. યુરોપના મોટાભાગના દેશોએ આમ પરસ્પરના વિનાશનો તખ્તો ઊભો કરી દીધો છે. ફ્રેંચ રાજ્યક્રાંતિના કેટલાક રાષ્ટ્રોપયોગી પાસાંઓ સાથે વણાઈ ગયેલો અભિગમ એ અભિશાપ બની ડંસી રહ્યો છે.

અત્યાર સુધીની બધી જ નિઃશસ્ત્રીકરણ સભાઓ નિષ્ફળ ગઈ છે. કારણ તપાસતાં માલૂમ પડ્યું કે શાંતિ અને સહઅસ્તિત્વ જેવા મહત્ત્વના પ્રશ્ને આમ જનતા સાવ ઉદાસીન તેમજ નિષ્ક્રિય છે. મને આ સમસ્યા રાજકારણીઓની મહત્ત્વાકાંક્ષા જેટલી જ ગંભીર લાગે છે.

યુદ્ધના ભયને ટાળવા કેટલાક નિઃશસ્ત્રીકરણ અને યુદ્ધમાં પાળવાની આચારસંહિતા ઘડવાની હિમાયત કરે છે. પણ યુદ્ધ કંઈ રમતગમત ઓછી છે કે લોકો કાગળ પર ટાંકેલા નિયમોને વળગી રહે! જ્યાં જીવનમરણનો સવાલ હોય ત્યાં આવી આંતરરાષ્ટ્રીય સમજૂતીઓનો કોઈ અર્થ નથી. વળી જ્યાં સુધી યુદ્ધની શક્યતા જીવિત રહેશે ત્યાં સુધી નિઃશસ્ત્રીકરણ પણ નિરર્થક છે, કારણ કે રાજ્યોની વેરઝેરભરી સ્પર્ધા અને વિજયલાલસા ફૂંફાડા મારતી હશે.

આમ પ્રસ્તુત સમસ્યા ઉકેલવા સૌથી મહત્ત્વનું પાસું ભાવનાકીય નિઃશસ્ત્રીકરણ છે. તે સારુ આપણે અસરકારક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ઊભી કરવી પડશે, જે લોકોને શાંતિમય સહઅસ્તિત્વનું મહત્ત્વ સમજાવી શકે.

અત્યારે આપણી પાસે બે સાધનો હાથવગાં છે : આંતરરાષ્ટ્રીય ન્યાયાલય તેમજ વિશ્વસંઘ. જેના વિષે થોડી આગળ ચર્ચા કરીએ.

સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો) એક સભાસ્થળથી કશું વિશેષ હોય તેવું મને દેખાતું નથી. અહીં આવનારા પોતાના દેશના રેડીમેઈડ પ્રસ્તાવો લઈને આવે ને માત્ર વાદવિવાદ કર્યે રાખશે તો કંઈ ઉકળવાનું નથી. આ છત હેઠળ આવનાર માણસ માત્ર શાંતિ અને સુમેળનો મંત્ર ''સહનાવવતુ...'' પોતાના હૃદયમાં ભરી આવશે, નિર્દોષ અને પ્રામાણિક વાર્તાલાપ કરશે તો જ રાષ્ટ્રસંઘનો મૂળ અર્થ સરશે.

બીજી બાજુ, આંતરરાષ્ટ્રીય ન્યાયાલય પાસે તેના નિર્ણયના અમલ માટે કોઈ હથિયાર નથી. કોઈ પણ દેશનાં શસ્ત્રો હેઠાં મુકાવતી વેળા તેની સલામતી નિશ્ચિત કરવી જ પડે. સંઘના સભ્ય એવા દરેક સ્વાયત્ત રાષ્ટ્રની સુરક્ષાની સામૂહિક જવાબદારી સંઘના અન્ય રાષ્ટ્રોની છે. માત્ર આંતરરાષ્ટ્રીય ન્યાયાલય ઊભું કર્યે વાત પૂરી થઈ જતી નથી. કેટલાંક આર્થિક અને લશ્કરી સાધનો તેને સોંપી તેના હાથ મજબૂત કરવા પડશે. ફરજિયાત લશ્કરી તાલીમ જેવાં તત્ત્વોને આંતરરાષ્ટ્રીય સ્તરે પડકારી નિર્મૂળ કરવાં પડશે.

વળી, જે તે દેશમાં વસતા પેલા શાંતિના પુરસ્કર્તાઓને રક્ષણ પૂરું પાડવાનું કાર્ય પણ આંતરરાષ્ટ્રીય કોર્ટ જ કરશે જેથી આવા વિરલાઓ નિર્ભીકપણે સમાજની રૂઢિઓનો ભાગ બની ગયેલી હિંસક રાષ્ટ્રભાવનાનાં મૂળિયાં ખેંચી શકે.

આ હેતુ પૂરો કરવા યુરોપ, આફ્રિકા, અમેરિકા તથા એશિયામાં ઊભા થતા આંતરરાષ્ટ્રીય પ્રશ્નો ઉકેલવા ખંડીય ન્યાયાલયો ઊભાં કરવાં જરૂરી છે. આંતરખંડીય તેમજ અન્ય વણઉકેલ્યા કોયડાઓના નિરાકરણ માટે સર્વોચ્ચ મધ્યસ્થી કોર્ટ પણ રચી શકાય.



ટૂંકમાં કહું તો આપણાં પૂર્વજોએ નિપજાવેલાં વિજ્ઞાનનાં મીઠાં ફળ ચાખવા જીવતાં રહેવું હશે તો બને તેટલું જલદી નિઃશસ્ત્રીકરણ અને આંતરરાષ્ટ્રીય લવાદ જેવા ઉકેલો પરત્વે સભાન થઈ જવું પડશે.

આપણે સહુ ભણેલ-ગણેલ અને ઉદાર નાગરિકો એકઠા મળી આ ભગીરથ કાર્યમાં જોડાઈ જઈશું તો જ આ વિશ્વનું ભાવિ સુરક્ષિત થશે. કારણ કે ''વિશ્વનું ભાવિ વિશ્વની યોગ્યતા પર જ અવલંબિત છે.''

## • બૌદ્ધિકોને સંદેશ •

ઉશ્કેરાટ અને હનનવૃત્તિ સામે માનવમનનો પરાજય એ કદાચ, માનવ-સમસ્યાઓના ઉદ્‌ભવનું મૂળ કારણ છે. આના ઉપાય તરીકે પ્લેટો તર્કસંબદ્ધ ચિંતન અને ડહાપણને કારગર ગણાવે છે.

તર્ક અને વિજ્ઞાનના ફરજંદ સમી ઘણી ઉપલબ્ધિઓએ સર્વનાશનાં દૃશ્યો સર્જીને હૃદય-વિદારક સમસ્યાઓ ખડી કરી છે. હવે, આપણી ફરજ એ છે કે શસ્ત્રોના હિંસક ઉપયોગને રોકવા બનતું કરી છૂટવું. આપણે સૌએ આપસમાં પરામર્શ કરીને રાજ્યો વચ્ચેની આધ્યાત્મિક તેમજ વૈજ્ઞાનિક કડીઓને વધુ મજબૂત બનાવવી જોઈએ તેથી આંતરરાષ્ટ્રીય સીમાડાઓ સુરક્ષિત બને.

એક સ્વતંત્ર રાષ્ટ્રની સીમામાં લોકોના પારસ્પરિક સંબંધોમાં સહિષ્ણુતા અને સહકાર હોય છે. આનું કારણ પારંપારિક સામાજિક મૂલ્યો, શિક્ષણ કે સંસ્કૃતિ હોઈ શકે. પરંતુ યુદ્ધની શક્યતાઓને ધ્યાનમાં લઈને તલવારો સતત મ્યાન બહાર રાખવાની શાસકીય મનોવૃત્તિ આંતરરાષ્ટ્રીય અસહિષ્ણુતા જન્માવે છે. યુદ્ધના ભયથી રાજ્યકર્તાઓ નાગરિકો પર મજબૂત પકડ જમાવે છે. તે દ્વારા લોકોની સુખાકારી અને વિકાસની તકોને પણ રોળી નાખે છે. લડાઈની શક્યતા બતાવી પ્રજાને યુદ્ધલક્ષી શિક્ષણ આપવાની નીતિ યુવાનો તેમજ વયસ્ક નાગરિકોની મનોવૃત્તિને દૂષિત કરે છે. આવા પ્રદૂષણથી કોઈ આધુનિક રાષ્ટ્ર મુક્ત રહી શક્યું નથી. મહદ્ અંશે રાષ્ટ્રો એ મુઠ્ઠીભર લોકોના હાથમાં ખેલતી કઠપૂતળી બની રહ્યાં છે!

વસ્તુતઃ યુદ્ધલક્ષી શિક્ષણ એ નરી ભ્રાંતિ છે. યુદ્ધ ટેકનોલોજીના રાક્ષસી વિકાસની વિનાશક અસરો સામે નાગરિકોને રક્ષણ આપવા આધુનિક રાજ્યો અસહાય બની ગયાં છે. તો હવે તરણોપાય શો હોઈ શકે?

સૌ પ્રથમ તો, શસ્ત્રોનું ઉત્પાદન અને સંગ્રહ કરવાનો અધિકાર કોઈ રાષ્ટ્રોપરી સંસ્થા (supranational institution) ને જ હોવો જોઈએ. (જો આવી રાષ્ટ્રોપરી સંસ્થા યુદ્ધ-સમસ્યાઓને ઉકેલી શકે તેવી સર્વમાન્ય કાયદેસરતા ન ધરાવતી હોય તો હાલનાં રાષ્ટ્રો

આવો અધિકાર તેને સોંપશે તેમ માની શકાય નહીં.) વળી, પ્રત્યેક દેશ માત્ર પોતાની આંતરિક બાબતોને જ પ્રાધાન્ય આપશે તથા બીજાં રાષ્ટ્ર જોડે એવા વિષયો પૂરતો જ વ્યવહાર કરશે જેનાથી આંતરરાષ્ટ્રીય શાંતિ-સલામતી જોખમમાં મૂકાતી ન હોય.

કમનસીબે, આજે માનવજાત જે પરિસ્થિતિમાં ભેરવાયેલી છે તે જોઈને પણ હજુ કોઈ રાષ્ટ્રે આ દિશામાં અગ્રેસર થવા ક્રાંતિકારી પગલું ભર્યું નથી. યાદ રહે કે, ભૂતકાળમાં કામયાબ થયેલા ઉપચારો હવે કામ લાગી શકે નહીં, કેમ કે આપણી આજની પરિસ્થિતિની સરખામણી ભૂતકાળની કોઈ પણ બાબત સાથે થઈ શકે તેમ નથી. આપણે આપણા વિચારો, ક્રિયાઓ તથા આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ક્રાંતિમંડિત આવિષ્કારો યોજવાની હિંમત દર્શાવવી પડશે. ગઈકાલ માટેની ફૉર્મ્યુલા આવતીકાલ માટે કાલગ્રસ્ત થઈ ગયેલી જ ગણાય. નવોન્મેષ પ્રગટાવી અમલમાં મૂકવાની ભગીરથ સામાજિક જવાબદારી આજના બૌદ્ધિકના ખભા પર અભૂતપૂર્વ રીતે આવી પડી છે. શું તેઓ પોતાની રાષ્ટ્રજડતા ત્યજીને, વિશ્વ-જનસમૂહના માનસમાં દૃઢમૂળ થયેલી માન્યતાઓને આમૂલાગ્ર બદલવાનું અપ્રતિમ સાહસ દાખવી શકશે?

આવો પ્રચંડ પુરુષાર્થ હવે અનિવાર્ય છે. જો આમાં મોડું થશે તો સૂચિત રાષ્ટ્રોપરી સંસ્થાનું ચણતર વિશ્વના ભગ્નાવશેષો પર જ કરવું પડશે! આપણે આશા રાખીએ કે સાંપ્રત આંતરરાષ્ટ્રીય અંધાધૂંધીનો અંત જલદી આવી જાય જેથી આપણે સ્વપ્રેરિત પ્રલય-દશ્યો જોવાં ન પડે. સમય અત્યંત ટૂંકો છે, જો આપણે કાંઈ પણ કરવું હોય તો અબઘડી જ કરવું પડશે.

(૨૯ ઑગસ્ટ, ૧૯૪૮ના રોજ પ્રસારિત થયેલો સંદેશ)

## • વિશ્વસરકાર : એક પત્રવિવાદ •

*રશિયન વિદ્વાનો દ્વારા 'ન્યૂયોર્ક ટાઈમ્સ'માં લખાયેલ પત્ર*

જગત આલ્બર્ટ આઈન્સ્ટાઈનને માત્ર એક ભૌતિકશાસ્ત્રી તરીકે નહીં પરંતુ સામાજિક, રાજકીય મૂલ્યોના ધાતા તરીકે પીછાણે છે. સહિષ્ણુતા અને શાંતિના આ વિશ્વદૂતે જેટલો પ્રતિકાર નાઝીવાદનો કર્યો છે તેટલો અમેરિકાની વૈજ્ઞાનિક સંપદાને હસ્તગત કરવા ઈચ્છતા યુદ્ધવાંચ્છુઓનો પણ કર્યો છે. ડૉ. આઈન્સ્ટાઈનના આવા અદ્વિતીય માનવતાવાદને રશિયનપ્રજા તથા વૈજ્ઞાનિકો અભિનંદે છે. પરંતુ તેમનાં કેટલાંક વિધાનો અમને ભૂલભરેલાં તથા પૂર્વગ્રહિત દીસે છે. આ દિશામાં તેમનું ધ્યાન દોરવું અને તે દ્વારા વિશ્વશાંતિ જેવા મહત્ત્વના પ્રશ્ને સ્પષ્ટતા કરવી અમારી ફરજ છે. ખાસ કરીને ડૉ. આઈન્સ્ટાઈનની 'વિશ્વસરકાર'ની દરખાસ્ત વિષે પુનર્વિચારણા કરવી જરૂરી હોય તેવું અમને લાગે છે.



આ ઉદાત્ત વિભાવનાનો આશરો લઈ કેટલાંક વિસ્તારવાદી તત્ત્વો પોતાની અસલિયત છુપાવી રહ્યાં છે. મૂડીવાદી દેશોના બૌદ્ધિકો સુદ્ધાં ''વિશ્વ સરકાર'' જેવી મનમોહક વર્ણજાળમાં ફસાયા છે. તેઓ માને છે કે આનાથી જગતનાં બધાં અનિષ્ટો દૂર થશે અને વિશ્વમાં ચિરંતન શાંતિ પ્રવર્તમાન થશે. એક બેલ્જિયન ડેલિગેટે તો વિશ્વમહાસભામાં ત્યાં સુધી કહી નાખ્યું કે, 'રાષ્ટ્રનું સાર્વભૌમત્વ એ જૂની ઘરેડનો અને પ્રતિક્રિયાત્મક અભિગમ છે.' આ વાતમાં તથ્યાંશ કેટલો?!

પહેલી વાત તો એ છે કે આઈન્સ્ટાઈન કંઈ નવી વાત નથી લાવ્યા. અણુયુગના મંડાણ પૂર્વે જ્યારે લીગ ઑફ નેશન્સનું ઘડતર થયું ત્યારથી આ વાતો ચાલે છે. બીજું કે આજના જમાનામાં આ વિચારને ખરેખર પ્રગતિવાદી ગણવો કે કેમ તે તેય કરવું મુશ્કેલ છે.

મોટાભાગના ઉદ્યોગપ્રદાન દેશોમાં મૂડીધારી માંધાતાઓનું રાજ ચાલે છે. તેઓને પોતાના દેશના સીમાડા ટૂંકા પડે છે એટલે હવે આખા વિશ્વને બજાર બનાવવા નીકળી પડ્યા છે, આખી દુનિયામાંથી કાચો માલ ઉપાડી જવો છે અને મૂડીરોકાણ કરવું છે. એક વખત દેશનું અર્થતંત્ર હસ્તગ્રત કર્યા પછી તેમનો ડોળો રાજકીય વહીવટ પર પડશે.

અમારો પોતાનો અનુભવ જ લો ને. ઝારના દમનશાહી શાસનની છત્રછાયામાં રશિયામાં યુરોપિયન દેશોનાં ઘણાં મૂડીવાદી ગીધડાં ઘૂસી ગયેલાં અને ખૂબ ઊજાણી કરેલી. રશિયન પ્રજાના સ્વાતંત્ર્ય-સંગ્રામને કચડવા વિદેશી બેંકોના નાણાં જ વપરાયા હતાં. એ તો દુવા આપો મહાન 'ઑક્ટોબર ક્રાંતિ'ને જેણે અમારી રાજકીય અને આર્થિક મોહતાજીની સાંકળો તોડી. તત્પશ્ચાત રશિયામાં વિજ્ઞાન, ટેકનોલોજી અને સંસ્કૃતિનો જે વિકાસ થયો તેનો જોટો ઈતિહાસમાં જડે તેમ નથી. ગૃહયુદ્ધ અને નાઝી વિસ્તારવાદ સામે પણ સાર્વભૌમ સોવિયેટ રશિયાએ અપ્રિતમ સ્થિરતા બતાવી છે.

હવે રાષ્ટ્રોપરી વિશ્વસંસ્થાના પુરસ્કર્તાઓ અમારા સાર્વભૌમત્વનું દાન માગે છે. અમારો સ્પષ્ટ અભિપ્રાય છે કે આ દરખાસ્ત મૂડીવાદી તાકાતોના વિશ્વવિજયના ઘંટારવથી વિશેષ કશું નથી. બીજા વિશ્વયુદ્ધ પછી મૂડીવાદી-વિસ્તારવાદી તત્ત્વોની ચુંગાલમાંથી મુક્ત થયેલાં રાષ્ટ્રો પોતાની પ્રજાને સ્વાતંત્ર્યના અમૃત વડે નવજાગૃત કરી રહ્યા છે, એવે વખતે આ વાત કેવી વિચિત્ર લાગે છે!

બીજી બાજુ, પેલા મૂડીવાદી દેશોને ભય છે કે તેમના શોષણખોરીનાં કેન્દ્રો સમાં રાજ્યો સ્વતંત્ર થઈ જતાં તેમનું અર્થતંત્ર ખોરંભાઈ જશે. એટલે હવે નાના પ્રકારના લશ્કરી, રાજકીય, આર્થિક અને વૈચારિક યુદ્ધોના સહારે પોતાની એકહથ્થુ સત્તા પુનઃપ્રાપ્ત કરવા માંગે છે. મૂડીવાદી તત્ત્વોના શરણે ગયેલ વિચારકો દુનિયાને 'વિશ્વશાસન' અને 'વિશ્વસરકાર' જેવા મધપૂડા બતાવે છે. તેમના આ આંદોલનમાં આ દેશોના વૈજ્ઞાનિકો અને લેખકો પણ પોતાનો સૂર પુરાવી રહ્યા છે, તે ઘણું કમનસીબ છે.

ડૉ. આઈન્સ્ટાઈન રાષ્ટ્રીય સાર્વભૌમત્વને મર્યાદિત કરતી એક યોજના સૂચવી રહ્યા છે. યુનોની સામાન્ય સભાને પુનર્જીવિત કરીને તેને કાયમી રૂપ આપવાની વાત તેઓ કરે છે. વિટોના ઉપયોગને લીધે અસહાય બનેલી સુરક્ષા સમિતિને બદલે અંતિમ નિર્ણય લેવાની સત્તા સામાન્ય સભાને આપવી, તે એમનો મુખ્ય સૂર છે. હકીકતમાં આ વાત અમેરિકન રાજકારણીઓના ઉચ્ચારણોના પડઘા જેવી જ છે. તેમના મતે યુનોમાં નિયુક્ત થતા પ્રતિનિધિઓ સીધા જ પ્રજામાંથી ચૂંટાવા જોઈએ.

આમ જોઈએ તો આ વાત ક્રાંતિકારી અને વિકાસશીલ લાગે. પરંતુ અમારા મતે તેનાથી બહુ ફેર નહીં પડે. આવી ચૂંટણીઓના શા હાલ થશે તે હવે જોઈએ.

માનવસમાજનો સિંહભાગ હજુયે લશ્કરી, સામ્રાજ્યવાદી અને મૂડીવાદી તાકતોના સંકજા નીચે શ્વાસ લઈ રહ્યો છે. આવા સંજોગોમાં ચૂંટણીનો અર્થ આવાં તત્ત્વોના પ્રતિનિધિઓ દ્વારા થનાર નિયુક્તિ સિવાય શો હોઈ શકે? આ વાત સમજવા બહુ દૂર જવાની જરૂર નથી. બ્રિટીશ બંદૂકોની અણીએ ગ્રીસમાં લેવાયેલા પ્રજામતની જ વાત લો ને, તેમાં શું વળ્યું?

ડૉ. આઈન્સ્ટાઈન આ બધું જાણે જ છે. નાગરિકત્વના નામે ખેલાતા કાવાદાવા, પીળું પત્રકારત્વ અને મત ખરીદવાની ગંદી હરકતો જ્યાં સુધી ચાલુ છે ત્યાં સુધી જનમતસંગ્રહ પ્રજાનો સાદ બની શકે ખરો?

આમેય યુનોની સામાન્યસભા અને વિવિધ સમિતિઓ પર અમેરિકન રાજકારણનું અબાધિત પ્રભુત્વ રહેલું છે. ક્યારેક તો એવું લાગે છે કે વિશ્વસંઘ એ યુનાઈટેડ સ્ટેટ્સની કોઈ રાજકીય શાખા છે! આ સંજોગોમાં વિશ્વસંઘ ખુદ સામ્રાજ્યવાદી તાકતોના વ્યાપ સામેના આંતરરાષ્ટ્રીય પડકારો દૂર કરવાનું બ્રહ્માસ્ત્ર બની જાય.

કેવું વિચિત્ર! આંતરરાષ્ટ્રીય સદ્‌ભાવ અને શાંતિના દૂત ગણાતા ડૉ. આઈન્સ્ટાઈન પોતે જ શાંતિમય સહઅસ્તિત્વને માટે ખતરારૂપ યોજનાના વિચારસ્રોત બની રહ્યા છે! તેમણે તો ત્યાં સુધી કહ્યું છે કે સોવિયેટ રશિયા ન માને તો તેને વિશ્વસંઘના મૂળ પ્રવાહથી વંચિત રાખી માત્ર દર્શકનું સ્થાન આપી આગળ ચાલીએ. આ વાતની ગંભીરતા આઈન્સ્ટાઈન સમજે કે ન સમજે પણ હકીકતમાં આ વાત પેલા ઉદ્દામ સામ્રાજ્યવાદી અમેરિકન રાજપુરુષોના મતથી બહુ ભિન્ન નથી.

મુદ્દાની વાત તો એ છે કે જો વિશ્વસંઘ એ અમેરિકા અને તેના મિત્ર દેશોના હાથનું રમકડું ન બની શકે તો તેને તોડી એક નવું આંતરરાષ્ટ્રીય સંગઠન તૈયાર કરવું, જેમાંથી રશિયા અને અન્ય નવપલ્લવિત લોકશાહી દેશોની બાદબાકી કરી નાખવી. આવા આંતરરાષ્ટ્રીય કાવાદાવા શાંતિ અને સહકારના પ્રયત્નોને મૃતઃપ્રાય કરશે એ વાત નિર્વિવાદ છે.

રશિયન વિદ્વત્‌સભાની નમ્ર માન્યતા છે કે ડૉ. આઈન્સ્ટાઈન ગેરમાર્ગે દોરાયા છે. જગતમાં જ્યારે વિવિધ રાજકીય, સામાજિક અને આર્થિક પ્રણાલીઓ અસ્તિત્વમાં છે ત્યારે



એક જ 'વિશ્વવ્યાપી રાજ્ય'ની સંકલ્પના મૃગજળથી વિશેષ શું હોઈ શકે? હા, એટલું ખરું કે ભિન્ન પ્રણાલીઓ વચ્ચે આર્થિક અને રાજકીય સુમેળ જરૂર સાધી શકાય. પરંતુ ડૉ. આઈન્સ્ટાઈન મૂડીવાદી શક્તિઓના હાથા બની ગયા છે અને તેમના મતને અનુસરવાથી અનેક વિશ્વવ્યાપી રાજકીય સમસ્યાઓ ઊભી થશે. વધુ ને વધુ યુદ્ધો થશે, અને પરિણામે પેલા મૂડીવાદી દેશોનાં શસ્ત્રબજારો ફરી ધમધમતાં થશે.

અમે ડૉ. આઈન્સ્ટાઈનને એક મહાન વૈજ્ઞાનિક અને પ્રખર માનવતાવાદી પુરુષ તરીકે સ્વીકારીએ છીએ. એટલા માટે જ અમારી ફરજ સમજી રાજદ્વારી છોછ ત્યજી દઈને તેમની સાથે ખુલ્લા દિલે વાત કરવા ઈચ્છીએ છીએ.

## • ડૉ. આઈન્સ્ટાઈનનો પ્રત્યુત્તર •

જે સરળતા અને સ્પષ્ટતાથી મારા હિતૈષી રશિયન મિત્રોએ શબ્દપ્રહાર કર્યો છે તે પ્રશંસ્ય છે. પણ એક વાત કહું? પ્રતિદ્વંદ્વીની વાત સમજવા તેના વિચારો, ઉદ્દેશો અને આશંકાઓને તેના દૃષ્ટિકોણથી સમજવા આવશ્યક છે. હું એવો દાવો નથી કરતો કે સાચું શું છે તે હું જાણું છું કે બતાવી શકું છું, મારો પ્રત્યુત્તર સૈદ્ધાંતિક સ્વરૂપનો છે. જેનો મૂળ ઉદ્દેશ માત્ર મારા વિચારોને સ્પષ્ટ અને સુગ્રાહ્ય કરવાનો છે.

રશિયન મિત્રોનો પત્ર બિન-સામ્યવાદી અને ખાસ કરીને અમેરિકા જેવા દેશોની રાજપ્રણાલી સામેનું વિચારયુદ્ધ છે, તેવું ઉપરછલ્લી રીતે દેખાય છે. પરંતુ આવા આક્રમણની પશ્ચાદ્‌ભૂમાં અલિપ્તાવાદી પ્રણાલી રક્ષવાનો પ્રયત્ન દૃષ્ટિગોચર થાય છે. આપનું મનોવલણ સમજી શકાય તેવું છે, કારણ કે છેલ્લા ત્રણ દાયકામાં સોવિયેટ રશિયાએ જે સશસ્ત્ર સંઘર્ષ અનુભવ્યો છે તેની પરિણતિ કૂપમનસવૃત્તિ સિવાય બીજું શું હોઈ શકે? કિન્તુ આવી મનોવૃત્તિ ન ફક્ત રશિયા પણ આખાયે વિશ્વ માટે ઘાતક નીવડી શકે તે પણ એટલું જ ખરું છે.

સૌ પ્રથમ તો આપણે સમાજવાદ અને મૂડીવાદ વચ્ચેના વિરોધાભાસને સમજીએ, ત્યારબાદ 'વિશ્વ સરકાર'ની વિભાવના, જે તમારા આક્રમણનું કેન્દ્ર છે, તેની વાત કરીશું.

ટૅકનોલોજીના વિકાસને કારણે વિશ્વનું અર્થકારણ ધ્રુવીભૂત થયું છે. ઔદ્યોગિક દેશોમાં આર્થિક પ્રવાહો મુઠ્ઠીભર લોકોના ઈશારે વહેતા થયા છે. આ પરિસ્થિતિ પેલા સામ્યવાદી દેશોની રાજકીય પ્રણાલી પરના વહીવટી અંકુશથી કંઈ બહુ ભિન્ન નથી. હા, જો કે એટલું ખરું કે જો વહીવટી તંત્ર જાગૃત હોય તો સામ્યવાદી રાષ્ટ્રમાં થતાં આર્થિક સુધારા સામે વહીવટી જટિલતાના પ્રશ્નો ગૌણ બની જાય. આ અર્થમાં આયોજિત અર્થતંત્રના વ્યાવહારિક સફળ નિદર્શન માટે સોવિયેટ રશિયાને જગત યાદ કરશે.

ટૅકનોલોજીના વિકાસને લઈને બેરોજગારી વધી છે, ઉત્પાદન અને ખરીદશક્તિ વચ્ચેની સમતુલા ઘટી છે. આ સમસ્યાઓનો ઉકેલ મુક્ત વ્યાપાર અને મૂડીવાદી પ્રણાલીઓ પાસે નથી તે પણ સ્વીકારવું જ પડશે. પરંતુ એનો અર્થ એવો નથી જ કે મૂડીવાદ એ સર્વ સમસ્યાઓનું કારણ છે. શું સામ્યવાદી દેશોમાં આ પ્રશ્નો ઊભા નથી થયા?

મૂડીવાદને બધી જ સામાજિક અને આર્થિક સમસ્યાઓનું મૂળ ગણવાથી તો પેલી સામ્યવાદી પ્રણાલી વધુ ને વધુ અસહિષ્ણુ બનતી જશે. પરિણામે તે એક સંપ્રદાયનું સ્વરૂપ ધારણ કરશે જ્યાં અન્ય લોકોનું સ્થાન નાસ્તિકો અને દેશદ્રોહીની જમાતમાં હશે! એક વાર આવી માન્યતાએ જડ ઘાલી એટલે પેલા 'નાસ્તિકો' તો બિચારા લાચાર થઈ જવાના. ઈતિહાસનાં પાનાં જડ પ્રણાલીઓના ભોગ બનેલા અસંખ્ય માનવોની યાતનાઓનાં સાક્ષી છે.

તાનાશાહી શાસનપ્રણાલી પોતે જ એક દૂષણ છે. દેશ ચલાવવા સરકાર તો જોઈએ જ. જો કે સ્વસ્થ રાષ્ટ્રમાં જનમત અને રાજમત વચ્ચેની સમતુલા સરકારને સરમુખત્યાર બનતાં રોકી શકે છે. પરંતુ જે દેશોમાં રાજ્યતંત્ર સંરક્ષણ, શિક્ષણ અને પ્રસાર માધ્યમોની સાથે સાથે નાગરિક માત્રના આર્થિક અવલંબનને દોરે છે ત્યાં આવાં ભયસ્થાનો અધિક છે. તાત્પર્ય : સમાજવાદ પોતે બધી જ સમસ્યાઓની જડીબુટ્ટી નથી પણ આવી સમસ્યાઓના ઉકેલ સમાવતો એક ઢાંચો છે.

મારા રશિયન મિત્રોના પત્રની સૌથી આશ્ચર્યજનક વાત તો એ છે કે એક બાજુ તેઓ મુક્ત આર્થિક નીતિનો વિરોધ કરે છે તો બીજી બાજુ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં સાર્વભૌમત્વ ઈચ્છે છે. તેના પર અંકુશ મૂકવાના અને વિશ્વસરકાર સ્થાપવાના અમેરિકન ઈરાદાને વિશ્વના આર્થિક વિકાસ પર અંકુશ મૂકવાની ચાલ તરીકે ખપાવવામાં આવી છે. એક લોકોક્તિ તરીકે આ વાતો મનને રુચે તેવી છે, પણ છે તથ્યહીન.

હકીકતમાં તો આવી વાતોથી વિશ્વના બે મોટા દેશોના બૌદ્ધિકો વચ્ચે જે ખાઈ ઊભી થાય છે તે ઘણું શોચનીય છે. અલબત્ત, મુક્ત મને થતા બુદ્ધિવ્યાસંગથી સમજૂતી સાધી શકાય, જે બંને દેશો વચ્ચેના રાજકીય સહકારની પૂર્વશરત છે. જો કે અત્યારે તો 'જાહેર પત્ર' જેવા બોઝિલ માધ્યમથી જ આપણે વાત કરવાની છે એટલે તમારા તર્કનો હું ટૂંકમાં જ પ્રત્યુત્તર વાળી શકીશ.

ધનિકોની રાજકારણ પરની પકડ જાહેરજીવન પર બહુધા અસર ઉપજાવી શકે તે સમજાય તેવું છે. પરંતુ આ અસરોનો તમારો અંદાજ બહુ વધુ પડતો છે. અહીં ફ્રૅન્કલીન રૂઝવેલ્ટનો જ દાખલો આપું. રૂઝવેલ્ટનો વિરોધ કરનારા ધનિકોનાં ઘણાં જૂથો હતાં, છતાંયે તેઓ એક વાર નહીં, ત્રણ ત્રણ વાર ચૂંટાયા. તે પણ અમેરિકન ઈતિહાસની કટોકટીની પળે આ બધું બન્યું.

બીજા વિશ્વયુદ્ધ પછી શસ્ત્રોના ભય સામે વિશ્વને રક્ષવા એક સબળ રાષ્ટ્રોપરી સંસ્થાની જરૂર છે. ''વિશ્વ સરકાર''ની વિભાવનાથી આ પ્રયત્નોને એક નવી દિશા સાંપડી



છે. આવા સંજોગોમાં સોવિયેટ સરકારના નિષેધક અને ક્વચિત દ્વિધાયુક્ત વલણને લઈને શાંતિના પ્રયાસો ખોરંભાયા છે. અને જ્યાં સુધી રાષ્ટ્રસંઘમાં અમેરિકાની કહેવાતી જમાદારીનો સવાલ છે, ત્યાં મારું માનવું છે કે અમેરિકન નેતાગીરી માત્ર આર્થિક કે રાજકીય સ્તરે જ નહીં પરંતુ શાંતિના પ્રયાસોમાં પણ તેટલી જ અગ્રેસર છે. વળી વિટો પાવર દૂર કરવાના પ્રયત્નોની પશ્ચાદ્ભૂમાં તેનો ગેરઉપયોગ જવાબદાર છે. તેના માટે એકલા અમેરિકાને દોષિત ઠેરવવું ઉચિત નથી.

હવે અન્ય દેશોનું આર્થિક નિયંત્રણ કે શોષણ કરવાના અમેરિકાના પ્રયાસોની ચર્ચા કરીએ. હકીકતમાં તો અન્યના ઈરાદા કે ધ્યેય વિષે કોઈ આધારભૂત મંતવ્ય આપતાં પહેલાં હજારવાર વિચારી લેવું ઘટે. આપણે આ વાતને વસ્તુલક્ષી દૃષ્ટિએ જોઈએ.

સદ્ભાગ્યે, યુનાઈટેડ સ્ટેટ્સ અગત્યની ઔદ્યોગિક અને ખાદ્ય પેદાશની બાબતમાં આત્મનિર્ભર રાષ્ટ્ર છે. અહીં ઉદ્યોગોના ઈંધણરૂપ કાચો માલ પણ પર્યાપ્ત માત્રામાં છે. પરંતુ દેશની મુક્ત વ્યાપારનીતિના પરિણામે પ્રજાની ખરીદશક્તિ અને ઉત્પાદનક્ષમતા વચ્ચેનું સંતુલન જાળવવું અઘરું બને છે. પરિણામે બેરોજગારીનો ભય સતત ઝળુંબતો રહે છે.

બેરોજગારીનો ભય દૂર કરવા યંત્રોનાં ચક્રોને સતત ગતિમાન રાખવાં પડે અને તે માટે સબળ નિકાસનીતિ ઘડવી પડે. નિકાસની સાથે સાથે સમાન મૂલ્યની આયાત કરવામાં આવે તો અન્ય રાષ્ટ્રના આર્થિક શોષણનો ભય રહેતો નથી. પરંતુ અત્રે મર્યાદા છે, દરેક આયાતની સંબંધિત ઉત્પાદનતંત્ર પર થતી અવળી અસર.

બીજું, અમેરિકાથી આયાત કરતા ઘણા દેશો સમાન માત્રામાં નિકાસ કરી શકતા ન હોવાથી તેવા દેશોનું સોનું અમેરિકામાં ઘસડાઈ આવે છે. હવે, આ સુવર્ણની ઉપયુક્તતા માત્ર વિદેશી આયાત પૂરતી જ મર્યાદિત છે અને આપણે આગળ જોયું તેમ આયાત પોતે જ એક મર્યાદા છે! પરિણામ એ આવ્યું કે સુવર્ણના જથ્થાનો સંગ્રહ અને જાળવણી શાસકીય અને અર્થશાસ્ત્રીય શાણપણના નમૂનારૂપ બની રહ્યાં છે. પ્રસ્તુત તથ્યોની સમજણને લઈને મારા માટે અમેરિકાને આંતરરાષ્ટ્રીય અર્થતંત્રના શોષણકર્તા તરીકે સ્વીકારી લેવું સહજ નથી.

આ વાતનું એક અન્ય ગંભીર પાસું છે. યુનાઈટેડ સ્ટેટ્સને જે નિકાસ કરવી પડે છે તે ક્યારેક વિદેશી લોન અથવા સહાયના સ્વરૂપમાં કરવામાં આવે છે. જેનો કવચિત રાજકીય ઉપયોગ પણ થાય. આજના જમાનામાં આ વાત ગંભીર રાજકીય પરિણામો લાવી શકે તે વાત મારે કબૂલવી પડશે. પરંતુ, આમ જોઈએ તો આપણો દરેક આવિષ્કાર ખુદ પોતે જ માનવજાત માટેનું ભયસ્થાન જ છે ને?

'બળિયાના બે ભાગ' એ ન્યાયને અનુસરતી સાંપ્રત રાજનીતિ આ સર્વ સંઘર્ષનું મૂળ છે. આજ નહીં તો કાલ, તેનું પરિણામ યુદ્ધ સ્વરૂપે દેખાશે. એક એવું યુદ્ધ, જેની

કલ્પના પણ આપણા સહુ માટે દુષ્કર છે. બસ અહીં જ મારી વાતનો મુખ્યાંશ છે. માત્ર કેટલીક પ્રણાલીગત ભાવનાઓને લઈને આપણે યુદ્ધે મંડાઈ જઈ નષ્ટપ્રાય થઈ જઈએ, તે શું અનિવાર્ય છે? મારી દષ્ટિએ માનવઅસ્તિત્વનો પ્રશ્ન દરેક રાષ્ટ્ર માટે સરખું મહત્ત્વ ધરાવે છે.

રાષ્ટ્રીય સાર્વભૌમત્વ પર અંકુશ મૂકવા પાછળનો જે શુભાશય છે તે યુદ્ધખોરી અને સામ્રાજ્યવાદની ભાવનાને નષ્ટપ્રાય કરવાનો છે. દેશપ્રેમના ઓઠા હેઠળ નાગરિકો અને મુખ્યત્વે યુવાશક્તિને ગેરમાર્ગે દોરનાર પરિબળો સામે માનવજાતે જાગૃત થવું જ જોઈએ. બીજા લોકોના મનમાં શું છે તે હું જાણતો નથી. પરંતુ 'વિશ્વ સરકાર'ની વિભાવનાના મારા સિદ્ધાંતોની ધરોહર શાંતિમય સહઅસ્તિત્વ અને આંતરરાષ્ટ્રીય સહકાર છે. માનવઅસ્તિત્વ સામેના અભૂતપૂર્વ પડકારનો આ એક માત્ર ઉત્તર છે. વળી, સર્વનાશ રોકવાના પ્રયત્ન કરતાં પણ આગળનો અગ્રતાક્રમ બીજો કયો હોઈ શકે?

આ પત્ર મેં પૂરી અંતર્નિષ્ઠાથી લખ્યો છે. મને આશા છે કે મારા રશિયન મિત્રો પણ તેને તેવી જ વિભાવનાથી સ્વીકારશે.

## • ધર્મ અને વિજ્ઞાન •

(૧)

માણસના દરેક કર્મ કે વિચારની ભીતરમાં કોઈ અનન્ય આવશ્યકતાની પ્રેરણા રહેલી હોય છે. આવું પ્રેરકબળ મોટેભાગે લાગણી યા ઝંખના સ્વરૂપે વ્યક્ત થાય છે. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે માણસને ધર્મ કે અધ્યાત્મ તરફ વાળનાર એવી કઈ લાગણી કે આવશ્યકતાઓ હશે?

આદિમાનવમાં ધર્મનો સંચાર કરનાર પરિબળો હશે રાની પશુનો ડર, ભૂખ, માંદગી અને મૃત્યુનો ભય વગેરે. તેને કાર્ય-કારણ સંબંધ જોડવાની ઊંડી સૂઝ ન હોવાને લીધે પેલી ભ્રામક પ્રેતસૃષ્ટિ પણ ઊભી થઈ હશે. દેવી-દેવતાઓની માન્યતાઓ વિકસી હશે, ખરું ને? પછી શરૂ થઈ હશે, દેવતાઓ અને ભૂતોને પ્રસન્ન કરવા સારુ થતા બલિદાનો અને ક્રિયાકાંડોની પરંપરા. પછી માણસ અને દેવતાઓ વચ્ચે કોઈ મધ્યસ્થી પણ જોઈએ, એટલે ધર્મગુરુઓની જમાતો જામી. કાળક્રમે સમાજના નેતૃત્વનો દોર ધર્મગુરુઓના હાથમાં ગયો. તેમનું મહત્ત્વ સમજી શાસને પણ તેમની સાથે સાંઠ-ગાંઠ કરી અને આમ સંપ્રદાયોએ પોતાની જડ મજબૂત કરી.

આ વાત હતી આદિધર્મની. હવે તેની વિકાસયાત્રાની ઝાંખી કરીએ.

વાસ્તવમાં ધર્મ એ સામાજિક આવશ્યકતા છે. દુનિયાદારીમાં સપડાયેલો બાપડો માણસ ક્યારેક હૂંફ ઝંખે તો ક્યારેક માર્ગદર્શન. આવા સંજોગોમાં ઈશ્વરના નિરુપણ દ્વારા



તેને સામાજિક અને નૈતિક છત્રછાયા સાંપડી. માણસની સાન ઠેકાણે લાવવા ઈશ્વરનું 'નિયતિ' કે 'વિધાતા' જેવું સ્વરૂપ પણ સર્જાયું. આમ ભય અને ઝંખનાના ધર્મ એ હવે નીતિપ્રધાન ધર્મ તરફ પ્રગતિ કરી. જો કે પેલા આદિમાનવોનો ધર્મ માત્ર ભયપ્રેરિત હતો અને સભ્યસમાજનો ધર્મ નીતિપ્રધાન ધર્મ છે એમ માની બેસવું વ્યાજબી નથી. હકીકતમાં દરેક ધર્મપ્રણાલી આ બે તત્ત્વોના સંયોજનથી બને છે. હા, એટલું ખરું કે ઉચ્ચ સામાજિકતા ધરાવતા વર્ગોમાં મહદંશે ધર્મનું સ્વરૂપ સામાજિક અને નૈતિક હોય છે.

લગભગ બધા જ ધર્મોમાં એક રસપ્રદ લાક્ષણિકતા છે : ઈશ્વરમાં મનુષ્યત્વનું આરોપણ. સમાજના આદર્શને અનુરૂપ અતિ ઉચ્ચ માનસિક અને ભાવાત્મક ઉપલબ્ધિઓ ધરાવતા માણસને આ દરજ્જો મળી શકતો. બીજું વધારાનું તત્ત્વ જે સામાન્ય છે તે વૈશ્વિક ધર્મની સંકલ્પના છે. જો કે આ સંકલ્પનાનું મૂળ સ્વરૂપ આજે એટલી સુલભતાથી કળવું મુશ્કેલ છે કારણ કે તેને પ્રતિપાદિત કરવા કોઈ અવતાર થયો નથી.

સમયની સાથે માણસની દષ્ટિ વિકસતી ગઈ. એક બાજુ તેને પોતાની આકાંક્ષાઓ અને ધ્યેયોની ક્ષુદ્રતા સમજાયાં. તો બીજી બાજુ આ મહાન વિશ્વની ઉદાત્તતા અને ભવ્યતા પ્રત્યે તેનામાં અહોભાવ પ્રક્ટયો. હવે તે પોતાની અસ્તિત્વની જાળમાંથી બહાર નીકળી બ્રહ્માંડની સમગ્રતા સાથે તદ્રૂપ થવા પ્રયાસ કરતો થયો. શોપનહોવરનાં બૌદ્ધ ધર્મ પરનાં લખાણો આ સંદર્ભમાં ખાસ વાંચવા જેવાં છે. દરેક યુગમાં જન્મેલ વિભૂતિએ આવી નવતર ભાવનાને મૂર્તિમંત કરવા પ્રયાસ કર્યો છે અને પ્રચલિત ધર્મની મર્યાદાઓને પડકારી છે. સ્વાભાવિક રીતે કાં તો આ લોકો સમાજમાં નાસ્તિક ઠર્યા છે અથવા સંતનું બિરુદ પામ્યા છે.

વૈશ્વિક ધર્મની આ સંકલ્પના સમાજમાં વિવિધ સ્તરે ધબકતી કેમ કરીને કરીશું? મને લાગે છે કે આ કામ વિજ્ઞાન અને વિનયન વિદ્યાઓનું છે. મુમુક્ષુઓમાં આ ભાવના જાગૃત કરી તેને જિવાડવી એ પણ એટલું જ મહત્ત્વનું કામ છે.

આમ, આપણે હવે વિજ્ઞાન અને ધર્મના સંબંધની એક નવી ક્ષિતિજ ખોલી રહ્યા છીએ. જો કે ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે વિજ્ઞાન અને ધર્મ એકબીજાના કટ્ટર હરીફો ગણાયાં છે. ખરા વૈજ્ઞાનિક દરેક નૈસર્ગિક ઘટનાની પશ્ચાદ્ભૂમાં કાર્યકારણ સંબંધની ખોજ કરે છે. તેની પાસે નીતિ કે ભીતિ પર આધારિત ધર્મને માનવાની અપેક્ષા શી રીતે રખાય? માણસ જે કામ કરે છે તે જૈવિક આવશ્યકતાઓને લઈને કરે છે, તેમાં ઈશ્વર શું કરે? એવું તે માને છે. બસ, અહીંથી વિજ્ઞાન અને ધર્મ વચ્ચે વિખવાદ શરૂ થાય છે. વિજ્ઞાન પર નીતિ અને મૂલ્યના સંવર્ધન પ્રત્યે બેદરકાર હોવાનો ગંભીર આરોપ મૂકવામાં આવે છે. પરિણામે વિજ્ઞાનને ધર્મવિરોધી ગણવામાં આવ્યું. વિજ્ઞાનની વેદી પર સમર્પિત માનવો પર અત્યાચારો થયા, અનર્થો થયા.

બીજી બાજુ, હું સ્પષ્ટપણે માનું છું કે વૈશ્વિક ધર્મની ભાવનાનો સંચાર એ વિજ્ઞાનનો સૌથી ઉદાત્ત અને અહમ્ અર્થ છે. સૈદ્ધાંતિક પ્રકારની વિદ્યાશાખાઓમાં થયેલા સંશોધનના

ઈતિહાસ પર દૃષ્ટિપાત કરીશું તો એવી અનેક સમર્પિત જીવનાવલીઓ નજરે પડશે જેમાં અનન્ય તર્કનિષ્ઠા, સત્યને પામવા ગમે તે કુરબાન કરવાની ઉચ્ચ ભાવના દૃષ્ટિગોચર થશે. બ્રહ્માંડમાંથી મગજમાં ઝીલાયેલા ઝાંખા ઋતબિંબોને સમજવા પોતાનું જીવન ખર્ચી નાખનાર કેપ્લર અને ન્યૂટનને અધાર્મિક ગણી શકાય ખરા?

અંતમાં, મારા એક સમકાલીન મિત્રની ઉક્તિ ટાંકું છું જે ખરેખર મને સ્પર્શી ગઈ છે, ''આજના ભૌતિકવાદી યુગમાં માત્ર નિષ્ઠાપૂર્વક કામ કરતા વૈજ્ઞાનિકો જ ખરા અર્થમાં ધાર્મિક લોકો છે.''

(૨)

માન્યતા અને જ્ઞાન વચ્ચેનો અવિરત સંઘર્ષ એ ગત સૈકાની સૌથી રોચક ઘટના હતી. દરેક માન્યતાને જ્ઞાનની એરણે ચકાસી જોવામાં આવતી અને જેનું ખોખલાપણું સાબિત થાય તેવી માન્યતાને જ્ઞાન વડે વિસ્થાપિત કરવામાં આવી. પરિણામે શિક્ષણપ્રણાલી પર એક ભગીરથ જવાબદારી આવી પડી. બાળકના મનની બારી ખોલવાનું તથા તેની દૃષ્ટિ અને વિચારસૃષ્ટિ સંવારવાનું કાર્ય એ શાળાની યોગ્યતાનો માપદંડ બની ગયો. જો કે આ તર્કનો એકપક્ષીય અને આત્યંતિક અભિગમ સર્વથા બુદ્ધિગમ્ય તો નથી જ, પરંતુ કોઈ પણ વાતને નિર્ભેળપણે સમજવા તેના નિરભ્ર સ્વરૂપનું તટસ્થ અવલોકન તો અવશ્ય કરવું પડે.

એ ખરું કે અનુભૂતિ અને સ્પષ્ટ વિચારસરણીના સંયોજનથી પ્રતીતિ દૃઢ થાય છે. આ વાતે તો આપણે અતિતર્કવાદી સાથે પણ સંમત થવું પડશે. પરંતુ આ વાતનું નબળું પાસું એ છે કે માણસના વર્તનને અસર કરતી દરેક ભાવનાઓનું દૃઢ વૈજ્ઞાનિક વિચારણા વડે પ્રતિપાદન કરવું શક્ય જ નથી. વૈજ્ઞાનિક પદ્ધતિ તો આપણને જ્ઞાનસુલભ તથ્યોના આંતરસંબંધોથી માહિતગાર કરવા સિવાય બીજું કશું આપી શકે નહીં. હું વસ્તુલક્ષી જ્ઞાનને ઉતારી પાડવા માંગતો નથી, કારણ કે તે માનવે પ્રાપ્ત કરેલ સૌથી અદકું જ્ઞાન છે. છતાંય, એટલું તો ખરું કે 'જે છે' તે જાણવાથી 'જે હોવું જોઈએ' તેનો માર્ગ મળી જતો નથી.

આપણા અસ્તિત્વનું સાફલ્ય જીવનના ધ્યેયોની સ્થાપના તથા આનુષંગિક મૂલ્યોની સ્વીકૃતિમાં સમાયેલું છે, જે વિજ્ઞાનના કાર્યક્ષેત્રની બહાર છે. જેથી આપણે આવા જ્ઞાન માટે અન્ય સ્ત્રોતની ખોજ કરવી પડે છે. આમ, સંપૂર્ણપણે શુદ્ધ તર્કશીલ અસ્તિત્વની આપણી વિચારણાને કુઠારાઘાત પહોંચે છે.

રખે માનતા કે બૌદ્ધિક વિચારણા વડે ધ્યેયસંગત અને નીતિમૂલક વિભાવનાઓ ન સાંપડી શકે. બુદ્ધિના પ્રસાદે જ સ્તો આપણને સાધન અને લક્ષ્ય વચ્ચેના સંબંધની જાણકારી પ્રાપ્ત થાય છે. પરંતુ સામી બાજુ એટલું ચોક્કસ છે કે બુનિયાદી ધ્યેયોનો પાર પામવા વિચારણાની સાથે સાથે ભાવાત્મક પરિબળોની પુષ્ટિ તેટલી જ આવશ્યક છે. બસ, અહીંથી જ ધર્મનું ક્ષેત્ર શરૂ થાય છે. પાયાનાં મૂલ્યોને ભાવાત્મક જીવનમાં વણીશું કેમ કરી?



કોઈ પણ સ્વસ્થ સમાજને તેની પરંપરાઓ હોય છે. આ પરંપરા ખરેખર શું છે? સમાજને સમર્પિત શક્તિશાળી માનવો કે માનવસમૂહો દ્વારા આવી પરંપરાઓ સ્થપાય છે. તેને પ્રદિપાદિત કરવાની કોઈ આવશ્યકતા નથી. જરૂર તો છે એના મૂળ સ્વરૂપને સ્પષ્ટ રીતે સમજવાની.

આપણી ધર્મપ્રણાલીઓએ જો કોઈ મહત્ત્વનું પ્રદાન કર્યું હોય તો તે માણસને પ્રાપ્ત થયેલ અદ્વિતીય સૂઝ-બૂઝ અને શાણપણ છે. માનવીય મૂલ્યો અને મહત્ત્વાકાંક્ષાઓનું પીઠબળ પણ તે જ છે. ઊંચામાં ઊંચાં માનવીય ધ્યેયોને ધાર્મિક દૃષ્ટિકોણને બદલે શુદ્ધ માનવીય દૃષ્ટિથી મૂલવીએ તો સમજાશે કે ધર્મ એ સ્વતંત્ર અને જવાબદાર વ્યક્તિત્વનો વિકાસ કરવા તેમજ માણસને સેવાભિમુખ બનાવતું સૌથી સબળ સામાજિક પરિબળ છે. લગભગ દરેક ધર્મ એવું કહે છે, ''આપણે બધા એક જ પરમપિતાનાં સંતાન છીએ,'' ખરું ને? મને તો આ વાત લોકશાહી શાસનપદ્ધતિના પાયાના મૂલ્ય જેવી લાગે છે. તાત્પર્ય એ કે ખરા અર્થમાં લોકશાહી દૃષ્ટિ ધરાવતો માણસ ધર્મ કે રાષ્ટ્રને વફાદાર થવાને બદલે માનવાભિમુખ થવાનું પસંદ કરશે.

કમનસીબે માનવજાત આ પાયાનાં તત્ત્વો પ્રત્યે પૂરેપૂરી જાગૃત થઈ નથી અને પરિણામ એ આવ્યું છે કે અત્યારે આપણે સહુ શસ્ત્રાસ્ત્રોના ખડકલા પર બેઠાબેઠા સર્વનાશના ઓથાર તળે ધ્રૂજીએ છીએ. માનવજાતનાં મૂલ્યોને લાગેલ ઊધઈ દૂર કરવા કેળવણીસંસ્થાઓ, બૌદ્ધિકવર્ગ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ બને તેટલું વહેલું જાગૃત થવું જ પડશે.

(૩)

વિજ્ઞાન એટલે શું? પ્રકૃતિના ખોળે ઉછરતી માનવજાતે સદીઓ સુધી નૈસર્ગિક ઋતની અનુભૂતિઓ માણી. કાળક્રમે તેને આ અનુભૂતિઓને એક વ્યવસ્થિત વિચારસરણીમાં સાંકળવાની મનીષા જાગી. તેમાંથી વિજ્ઞાનનો ઉદ્ભવ થયો. ટૂંકમાં કહું તો વિજ્ઞાન એટલે પોતાના અસ્તિત્વની પૃષ્ઠભૂમિમાં સંકેતોના માધ્યમ દ્વારા માણસે કરેલ રચનાત્મક વિચારણા.

હવે ધર્મની વિભાવના જોઈએ. કિન્તુ તે પહેલાં ધાર્મિકતાનાં લક્ષણો જોવાં મને વધુ આવશ્યક લાગે છે. ધાર્મિક માણસ કોને ગણીશું? એવો માણસ, જે સ્વાર્થવૃત્તિના સંકજામાંથી મુક્ત હોય અને જેના વિચારો અને ક્રિયાઓના કેન્દ્રમાં વ્યક્તિથી પણ ઉપર ભાવનાઓ અને મહત્ત્વાકાંક્ષાઓ હોય. હું વફાદાર થવાને બદલે માનવાભિમુખ થવાનું પસંદ કરીશ.

વ્યક્તિનું ધાર્મિક મૂલ્ય નિશ્ચિત કરવા આવી ઉદાત્ત ભાવનાનું દ્રવ્ય અને પ્રતીતિની દૃઢતા પૂરતાં છે. માણસને દૈવી વિભૂતિ જોડે સાંકળવાની કોઈ આવશ્યકતા નથી. ધર્મ અને ધાર્મિકતાની આવી વ્યાખ્યાને વરીશું તો જ બુદ્ધ અને સ્પિનોઝાને ધાર્મિક માણસો તરીકે સ્વીકારી શકીશું.

વિજ્ઞાન અને ધર્મની આવી વિભાવનાઓને જાણનાર તે બંને વચ્ચે કોઈ સંઘર્ષ હોય તેવું માની કેમ શકે? કારણ કે વિજ્ઞાન 'જે છે' તેનું દર્શન કરાવે છે તો બીજી બાજુ 'જે હોવું જોઈએ' તે ધર્મનો વિષય છે. નિર્ભેળ નૈસર્ગિક ઋત, જે ધર્મની પરિમિતિની બહાર છે, તે વિજ્ઞાન ખોળી કાઢે છે, તો ધર્મ વસ્તુની મૂલ્યનિષ્ઠા પ્રસ્થાપિત કરી શકે છે. આમ બંને એકબીજાનાં પૂરક છે. ટૂંકમાં, ધર્મ વગરનું વિજ્ઞાન પંગુ બની જાય છે તો બીજી બાજુ, વિજ્ઞાન વગરનો ધર્મ દૃષ્ટિહીન બને છે.

છતાંય તે બંને વચ્ચે અવિરત સંઘર્ષ થતો રહ્યો. તેવું શાથી થયું હશે? એક ઉદાહરણ લઈએ. ધારો કે કોઈ પાદરી બાઈબલના દરેક વિધાનને નિર્ભેળ સત્યમાં ખપાવવાની કોશિશ કરે તો વિજ્ઞાનના ક્ષેત્રમાં હસ્તક્ષેપ થાય. આવા સંજોગોમાં ડાર્વિન કે ગેલેલિયો ચૂપ બેસે ખરા? આ જ વાતનું બીજું પાસું જોઈએ. ક્યારેક વળી વૈજ્ઞાનિકો મૂલ્ય સંબંધી ધારણા બાંધવા વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરે અને આમ ધર્મ સાથે અખાડામાં ઉતરે. આવા ગજગ્રાહ ટાળવા બંને પક્ષોએ શાણા અને સહિષ્ણુ થવું પડશે, તો અને તો જ બંનેનો હેતુ - માનવ ઉત્કર્ષ - પાર પડશે.

આમ હવે એ તો સ્પષ્ટ થયું કે ધર્મ અને વિજ્ઞાન વચ્ચે તત્ત્વતઃ કોઈ વિવાદ નથી. પરંતુ આ વિધાનને ધર્મની સાંપ્રત માન્યતાના સંદર્ભમાં મૂલવીએ તો લાગશે કે આ દિશામાં કંઈક કરવું પડશે. જો માણસે નૈતિક ધર્મભાવનાનો વિજય કરવો હશે તો વૈયક્તિક ઈશ્વરની સંકલ્પના તજી દેવી પડશે. ભય અને જૂઠી આશાના રાજદંડને સાધુસમાજના હાથમાં જઈ પડતો અટકાવવો પડશે. ધર્મ એટલે સત્યમ્ શિવમ્ સુંદરમ્‌ના ધ્યેય તરફ માનવને દોરતી દીવાદાંડી - કંઈક આ પ્રકારની ભાવનાને વરીશું ત્યારે એક નવા ઉદાત્ત અને વૈજ્ઞાનિક ધર્મનો પ્રસવ થશે. ચાલો હવે આપણી સમગ્ર ચર્ચાને સંકલિત કરીએ.

ધર્મ અને વિજ્ઞાનના અંતિમ ધ્યેયો પરસ્પર સુસંગત છે. માણસને સ્વાર્થ, અણઘડ ઈચ્છાઓ અને ભયના પાશથી મુક્ત કરે તે ધર્મ. જરા કલ્પના કરો કે આવા અદકા વ્યક્તિત્વમાં વૈજ્ઞાનિક ચેતનાનો અંશ મળે તો? જાણે સોનામાં સુગંધ! જેણે વિજ્ઞાનની મહત્તા જાણી છે તેને માટે સમગ્ર બ્રહ્માંડ એક તાંતણે ગુંથાયેલું પરમ સત્ય બની જશે. અસ્તિત્વની તર્કશીલતાનો નિજાનંદ જેને સુલભ છે, તે ક્ષુલ્લક આકાંક્ષાઓથી મુક્ત થાય એ અત્યંત સ્વાભાવિક છે. બસ મારી, દૃષ્ટિએ ધાર્મિકતાનું ઉચ્ચતમ શિખર એટલે આવા નિજાનંદની અનુભૂતિ.

બોલો, હવે એ વાતમાં લગીરેય સંશય છે કે ધર્મ અને વિજ્ઞાનનાં માર્ગ ભિન્ન નથી, પરંતુ એક છે? તથાપિ, જો આપણે માનવજાતનો ઉદ્ધાર કરવો હશે તો માણસને આવા નીતિયુક્ત ''વૈજ્ઞાનિક ધર્મ'' કે ''ધાર્મિક વિજ્ઞાન'' તરફ અભિમુખ કરવો પડશે.



## • સાપેક્ષતાનો સિદ્ધાંત શું છે? •

ભૌતિક વિજ્ઞાનમાં બે પ્રકારની વિભાવનાઓ છે, રચનાત્મક અને સૈદ્ધાંતિક. સાપેક્ષવાદ સૈદ્ધાંતિક વિભાવના છે. સાપેક્ષતાનો સિદ્ધાંત બે ખ્યાલોનો બનેલો છે. વૈજ્ઞાનિકો તેમને 'વિશિષ્ટ સિદ્ધાંત' અને 'સામાન્ય સિદ્ધાંત' તરીકે ઓળખે છે. વિશિષ્ટ સિદ્ધાંત ગુરુત્વાકર્ષણ સિવાયની બધી જ ભૌતિક ઘટનાઓને લાગુ પડે છે તેમજ તે પોતે સામાન્ય સિદ્ધાંતનો પાયો છે.

આમ જુઓ તો સાપેક્ષતાનો ખ્યાલ કંઈ નવો ન ગણાય કારણ કે પુરાતન કાળમાં ગ્રીક વૈજ્ઞાનિકો પણ તેનાથી સુવિદિત હતા. તેઓ જાણતા હતા કે એક પદાર્થની ઘટનાનું વર્ણન કરવા બીજા કોઈ પદાર્થના ''સંદર્ભ''ની જરૂર પડે છે. દા.ત. વાહનનાં પૈડાંની ગતિ પૃથ્વીની સપાટીના અને ગ્રહોની ગતિ તારામંડળના સંદર્ભે સ્વીકાર્યા વિના સમજી જ ન શકાય.

સાપેક્ષવાદ સમજતા પહેલાં આપણે કેટલીક પાયાની વાતો વિચારીએ.

જે પદાર્થના સંબંધમાં અવકાશી ઘટનાઓનો નિર્દેશ કરવામાં આવે છે તેને ભૌતિકશાસ્ત્રની ભાષામાં યામસંહતિ કે નિર્દેશતંત્ર (કો-ઑર્ડિનેટ સિસ્ટમ) કહે છે. જ્યારે યામસંહતિને યંત્રશાસ્ત્રમાં સ્વીકારવામાં આવે ત્યારે તેને જડત્વીયતંત્ર (ઈનર્શિયલ સિસ્ટમ) તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે આપેલ યામસંહતિ કોઈ અન્ય જડત્વીય પ્રણાલીના સંદર્ભમાં સુરેખ અને એક સમાન વેગથી ગતિ કરે ત્યારે તે પોતે પણ એક જડત્વીય પ્રણાલી બની જાય છે. ઉપરનું વિધાન સાપેક્ષતાના વિશિષ્ટ સિદ્ધાંતનો પાયો છે. ટૂંકમાં, વિશિષ્ટ સિદ્ધાંત એટલે આ વિધાનનું સાર્વત્રીકૃત સ્વરૂપ. વાતને સરળ રીતે કહું તો, આપેલી યામસંહતિ 'ક'ને લાગુ પડતા બધા સાર્વત્રિક નિયમો તેને અનુરૂપ એક સમાન સ્થાનાંતરીય ગતિ (યુનિફોર્મ ટ્રાન્સલેટરી મોશન) ધરાવતી બીજી યામસંહતિ 'ક'ને પણ લાગુ પાડી શકાય.

વિશિષ્ટ વિભાવનાની વાતને આગળ સમજાવવા માટે હું હવે શૂન્યાવકાશમાં થતી પ્રકાશની અચળ ગતિના સિદ્ધાંતનો ઉપયોગ કરીશ. આ સિદ્ધાંત એવું ફલિત કરે છે કે શૂન્યાવકાશમાં અનુભવાતી પ્રકાશની ગતિ દૃષ્ટા અથવા ઉદ્‌ગમસ્થાનની ભૌતિક પરિસ્થિતિ પર અવલંબિત નથી, પરંતુ તેને એક ચોક્કસ સંચરણ વેગ હોય છે. મેક્સવેલ અને લોરેન્જનાં તારણો દ્વારા આ વાતને એક મજબૂત પીઠબળ સાંપડ્યું છે.

ઉપર ચર્ચેલા બંને સિદ્ધાંતો અનુભવસિદ્ધ છે, પરંતુ તેમનો પુનર્વિનિયોગ શક્ય નથી. સાપેક્ષવાદના વિશિષ્ટ સિદ્ધાંતે શુદ્ધ ગતિવિજ્ઞાન (કાઈનેમૅટિક્સ)ના નિયમો સુધારી આ વાતને શક્ય બનાવી છે. અર્થાત્ હવે એ સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે બે ઘટનાઓની સમક્ષણિકતાના (યુગપત્તિ)ને અર્થપૂર્ણ ઢંગે સમજાવવા યામસંહતિનો સહારો લીધા વિના ચાલશે નહીં.

હકીકતમાં, આ પ્રકારનું સાપેક્ષ ગતિશાસ્ત્ર ગેલેલિયો અને ન્યૂટનના નિયમો સાથે સુસંગત નથી. ગેલેલિયો અને ન્યૂટન સાથે કદમ મિલાવવા માટે સાપેક્ષ ગતિવિજ્ઞાન પરથી જરૂર ગાણિતિક સૂત્રો તારવવાં પડ્યાં, જે અનુભવસિદ્ધ પ્રાકૃતિક નિયમો સાથે સુસંગત હોય. ખાસ કરીને વીજભારિત કણો જેવા તીવ્ર ગતિવાળા કણો માટે નવા નિયમો શોધાયા અને તેમને સત્યને ત્રાજવે તોળવા પણ પડ્યા.

અહીંયા સાપેક્ષવાદના વિશિષ્ટ સિદ્ધાંતે એ વાત સ્પષ્ટ કરી છે કે કોઈ પણ પ્રણાલીનું જડત્વ તેના શક્તિસંચય પર આધાર રાખે છે. વધુમાં, તે પ્રણાલીમાં રહેલ સક્રિય પદાર્થ એ પ્રણાલીની ગુપ્ત ઊર્જા માત્ર છે. આમ, દ્રવ્યસંચયનો સિદ્ધાંત પોતીકું અસ્તિત્વ ગુમાવી બેઠો અને ઊર્જાસંચયના સિદ્ધાંત સાથે સંમીલિત થયો. આમ જુઓ તો સાપેક્ષવાદનો વિશિષ્ટ સિદ્ધાંત મેક્સવેલ અને લોરેન્સના વીજાણુગતિશાસ્ત્ર પરનાં સંશોધનોની ફલશ્રુતિના સમાયોજિત ઉદ્વિકાસથી વિશેષ કંઈ જ નથી.

હવે થોડું આગળ વધીએ. શું યામસંહતિને લાગુ પડતા ગતિના નિયમો માત્ર પેલી એકસમાન સાપેક્ષ સ્થળાંતરીય ગતિ ધરાવતી પ્રણાલીઓ પૂરતા સીમિત રાખીશું કે તેની સાથે અન્ય કુદરતી ઘટનાઓને કંઈ લેવા દેવા છે? અહીંયાં એક વાત આપણે સારી રીતે સમજી લેવી પડશે. જો સાપેક્ષ ગતિશાસ્ત્રના નિયમોને અન્ય પ્રાકૃતિક ઘટનાઓ સાથે જોડવા હશે તો આપણી પંસદગીનું ફલક વિસ્તારવું પડશે.

આપણે જાણીએ છીએ કે પદાર્થનું દળ અને જડત્વ સમચલિત છે. રોજિંદી જિંદગીનો આ અનુભવ આપણને સાપેક્ષતાનો સામાન્ય સિદ્ધાંત સમજવા ખૂબ મદદરૂપ થાય છે. અહીં યામસંહતિનું જ એક ઉદાહરણ લઈ સમજવા પ્રયાસ કરીએ. ધારો કે આપેલ યામસંહતિ ન્યૂટનના સિદ્ધાંતોને અનુસરી બીજી કોઈ જડત્વીય પ્રણાલીના સંદર્ભમાં વર્તુળાકાર ગતિ કરે છે. ગતિના લીધે ઉદ્ભવતા કેન્દ્રત્યાગી બળને જડત્વની અસર તરીકે ઓળખીશું. આમ જોઈએ તો યામસંહતિને લાગુ પડતું કેન્દ્રત્યાગી બળ ગુરુત્વ બળ જેવું જ છે ને! આ સંજોગોમાં યામસંહતિને સ્થિર ધારી લઈને કેન્દ્રત્યાગી બળોને ગુરુત્વાકર્ષણ બળો તરીકે ખપાવી શકાય, ખરું ને? વાત બહુ સ્વાભાવિક છે, પરંતુ શાસ્ત્રીય યંત્રશાસ્ત્ર તેની સાથે સહમત નથી. જો કે સાપેક્ષવાદનો આ સામાન્ય સિદ્ધાંત ગુરુત્વાકર્ષણના નિયમો તારવી શક્યો છે તે નિર્વિવાદ છે.

પરંતુ વાત આપણે ધારેલી એટલી સહેલી ન નીવડી. જો આ સિદ્ધાંત જેમનો તેમ સ્વીકારી લઈએ તો આપણે યુક્લીડિયન ભૂમિતિથી હાથ ધોવા પડે તેમ હતા. કારણ કે અવકાશી ઘન પદાર્થો ભૂમિતિના અવકાશ સંબંધી નિયમોને દૃઢપણે અનુસરતા નથી. બસ, અહીંયાં આપણને સાંપડ્યો અવકાશની વક્રતાનો ખ્યાલ. તે સાથે જ ભૌતિકશાસ્ત્રના પાયાના ખ્યાલો જેવા કે ‘સુરેખ’, ‘સમતલ’ વગેરે પોતાનું મહત્ત્વ ગુમાવી બેઠા.



ગુરુત્વાકર્ષણની આ નવી વિભાવના ન્યુટનના નિયમો સાથે સહમત થતી નથી. પરંતુ તેના વ્યવહારુ નિયમો ન્યૂટનના તારણો સાથે એટલા બધા સુસંગત છે કે બંને વચ્ચેનો તફાવત દૃષ્ટિગોચર થતો નથી.

છેલ્લાં કેટલાંક નવાં સંશોધનોથી ગુરુત્વાકર્ષણના આ નવા સિદ્ધાંતને પીઠબળ મળ્યું છે, તેની ઝલક લઈએ.

સૂર્યમાળાના ગ્રહો ઉપવલયાકાર ગતિ ધરાવે છે, બુધના કિસ્સામાં આ વાતની પુષ્ટિ થઈ છે. પ્રકાશનાં કિરણોનું વક્રીભવન પણ ગુરુત્વબળને લઈને થાય છે તેવું સૂર્યગ્રહણ વખતે થયેલ ફોટોગ્રાફીથી સાબિત થયું છે. તારાઓમાંથી પૃથ્વી પર આવતા પ્રકાશના વર્ણપટમાં રાતા ભાગ તરફ પ્રકાશનું વક્રીભવન થાય છે તે પણ ગુરુત્વબળની અસર છે તેવું સિદ્ધ થઈ ચૂક્યું છે.

સાપેક્ષવાદના સિદ્ધાંતનું મુખ્ય આકર્ષણ તેની તર્કસંગતતા છે. વળી તેનું કોઈ તારણ ખોટું સાબિત થાય તો તેને પૂર્ણતયા ત્યાગી દેવો પડે, કારણ કે આનું બંધારણ પરિવર્તનશીલ નથી.

છેલ્લે મારે નમ્રપણે સ્વીકારવું જ રહ્યું કે સાપેક્ષવાદ કે તેવા બીજા કોઈ સિદ્ધાંત વડે ન્યૂટનના ભગીરથ કાર્યનું અતિક્રમણ ન થઈ શકે. તેની મહાન, તેજસ્વી વિચારધારાએ ભૌતિકવિજ્ઞાનના પાયાના ખ્યાલો બાંધ્યા છે જેને માટે તે સર્વદા પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખશે.

## • સંશોધનના સિદ્ધાંતો •

અનેક ઋતશિખરો સમાવતું વિજ્ઞાનનું મંદિર માનવમનનાં વિવિધ ધ્યેયોનું આશ્રયસ્થાન છે. ઘણાને વિજ્ઞાન ઉચ્ચ બૌદ્ધિક સુખાનુભૂતિના સ્રોત કે નિર્ભેળ દર્શનના રમણાંગણ જેવું લાગે છે. તો બીજા કેટલાક તેને માત્ર ભૌતિક પ્રાપ્તિના સાધન જેવું ગણે છે.

એક સરસ કલ્પના છે. જો દેવદૂતો આવીને આ બંને કાફલાઓને મંદિરમાંથી હાંકી કાઢે તો ત્યાં કોઈ બચશે ખરું? મને લાગે છે હજુયે થોડા વિરલાઓ વિજ્ઞાનના દેવાલયની છત તળે રહી જશે જેમણે વિજ્ઞાનને પોતાની બૌદ્ધિક કે ભૌતિક પ્રાપ્તિનું માધ્યમ ન બનાવ્યું હોય. મેક્સ પ્લાન્ક જેવી વિભૂતિઓ આ સંદર્ભમાં આપણા સન્માનની અધિકારી છે. તેના જેવા ઘણા માનવો આપણા કલ્પનાવિહારમાં વિસ્મરાયા છે, જેમનું સ્મરણ દૈવી સ્મૃતિશક્તિ માટે પણ અઘરું બને.

આપણા આ મંદિરના શ્રાવકોના આમ બે ભાગ પડ્યા. એક, જેમણે વિજ્ઞાનની વેદી પર માત્ર ક્ષુદ્ર ભૌતિક એષણાઓના વેલા ઉછેર્યા. આવા અધિકારીઓ, ઈજનેરો, વેપારીઓ કે વિજ્ઞાનીઓ પેલા દેવદૂતના ખોફનો ભોગ બનશે. તો પછી તેની કૃપાદૃષ્ટિને પાત્ર કોણ

ઠરશે? એવા નિરાળા અને એકાકી વ્યક્તિવિશેષો કે જેમણે કંઈ માંગવાને બદલે કોઈ અમૂલ્ય ભેટ ચઢાવી હોય. તેમના પ્રદાનનું બયાન કરવાની હિંમત મારામાં નથી.

શોપનહોવરે એક સરસ વાત કરી છે. માણસ પોતાના જીવનના એકધારાપણાથી કંટાળી કળા અથવા વિજ્ઞાનના ખોરડે વિસામો લે છે. ખાસ કરીને એવો જીવ કે જેની પ્રકૃતિનું સૂક્ષ્મતમ સ્તરે ઘડતર થયું હોય તેને પોતાની રોજ બદલાતી જતી જરૂરિયાતોથી કંટાળો આવે છે, અને તે છૂટવા મથે છે.

આમ તેની ભાગેડુવૃત્તિની સાથે તેને એક રચનાત્મક હેતુ સાંપડે છે. સ્વપ્રયત્ને તે વિશ્વના એક સરળ અને બુદ્ધિગમ્ય સ્વરૂપને પામે છે, અને તેના સહારે પોતાના ટૂંકા અને કનિષ્ઠ વિશ્વને તે અતિક્રમી જાય છે. બસ, આવું જ કંઈક કોઈ ચિત્રકાર, કવિ, તત્ત્વવેત્તા કે પ્રકૃતિવિજ્ઞાનીની બાબતમાં થાય છે. આ દરેક પોતાની ભાવાત્મક જિંદગીના બલબૂતા પર એક વિશ્વની રચના કરે છે. એક એવું વિશ્વ છે કે જ્યાં તેમને અપૂર્વ શાંતિ અને સલામતીની અનુભૂતિ થાય.

આ બધી વાતોમાં સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રીઓનું સ્થાન ક્યાં છે? તેની પાસેથી તો ગાણિતિક ભાષામાં સમજાય તેવા ચોક્કસાઈના ઉત્કૃષ્ટ ધોરણની અપેક્ષા રખાય છે. પરિણામે, પ્રકૃતિના સરળ પણ નિતાંત ઋતનું વર્ણન કરવા તે ટૂંકો પડે છે. તેણે જે અનુભવ્યું હોય છે તે ઘણી વખત એટલું જટિલ હોય કે શુદ્ધિ અને સ્પષ્ટતાનો આગ્રહ રાખવા જતાં તેની વાત અધૂરી રહી ગયાનો વસવસો થાય છે.

આમ છતાં, નિતાંત પ્રકૃતિના એક ટચુકડા સત્યને સમૂળું જાણવા માટે લોકસન્યાસ લઈ એકલા-અટૂલા જીવતર ગાળી નાખવા પાછળ તેને કાંઈ આકર્ષણ તો હશે જ ને? જ્ઞાન પામવાના આવા ઉમદા હેતુને બ્રહ્માંડની વિભાવના જેવું ગૌરવપૂર્ણ નામ આપવું મને યથાર્થ લાગે છે. કારણ કે ભૌતિકશાસ્ત્રના સામાન્ય નિયમો કોઈ પણ પ્રાકૃતિક ઘટના માટે સાચા પડે તો જ સ્વીકારાય છે.

તો પછી એક ભૌતિકશાસ્ત્રી માટે ઉદાત્ત કર્તવ્ય કયું હોઈ શકે? તર્કસંગત અને સર્વસ્વીકૃત એવા પાયાના સિદ્ધાંતો તારવવા જેના વડે અનુમાનો થઈ શકે. આવા સિદ્ધાંતો તારવવા માટેની કોઈ તર્કબદ્ધ પદ્ધતિ નથી. તેને માટે તો અનુભૂતિઓની આત્મસમજણ પૂરતી છે.

જ્યાં અનુમાનની કોઈ ચોક્કસ પદ્ધતિ ન હોય ત્યાં અનેક સંભવિત પ્રણાલીઓ જન્મે, જે દરેકને પોતાનો તર્કાધાર હોય, ખરું ને? સૈદ્ધાંતિક રીતે આ વાત સાચી હશે પણ હકીકતમાં એવું અનુભવાયું છે કે બધી સ્વીકાર્ય પૂર્વધારણાઓમાંની એક ચઢિયાતી સાબિત થયા વિના રહેતી નથી. ટૂંકમાં, ભલે ઘટનાને તેને સંગત સૈદ્ધાંતિક વિભાવના સાથે કોઈ સીધો સંબંધ ન હોવા છતાં દરેક ઘટના કોઈ અનન્ય સૈદ્ધાંતિક પ્રણાલીને અનુસરે છે. લાયબિન્નટઝ જેને ''પૂર્વ પ્રસ્થાપિત સુમેળ'' કહીને હરખભેર વધાવે છે. ઘટનાવાદીઓ



જ્યારે આ વાત ભૂલી જાય છે ત્યારે ભૌતિકશાસ્ત્રીઓ સાથે અખાડામાં ઉતરે છે. મેક્સ અને પ્લાન્ક વચાળે કંઈક આવા જ મતભેદો હતા.

પૂર્વ-પ્રસ્થાપિત સંવાદિતાના સિદ્ધાંતને વળગી રહેવા અખૂટ ધીરજ અને ખંત જોઈએ. વિજ્ઞાનના સામાન્ય સિદ્ધાંતો પાછળ જિંદગી ખર્ચી નાખનાર મેક્સ અને પ્લાન્કે કદીયે સુલભ કે સુગમ માર્ગ નહોતા અપનાવ્યા. પ્લાન્કની જેમ કામ કરવા વૈજ્ઞાનિક પાસે એક ભક્ત કે પ્રેમીજન જેવું દિલ જોઈએ જે માત્ર તેના હૃદયના અવાજને જ અનુસરશે.

## • બર્ટ્રાન્ડ રસેલના જ્ઞાનના સિદ્ધાંત પર ટિપ્પણી •

વિજ્ઞાનના કેટલાક અણઉકેલ્યા કોયડાઓનો ભેદ પામવા ભૌતિકશાસ્ત્રીઓ પણ તત્ત્વજ્ઞાનનો આશરો લે છે. તત્ત્વજ્ઞાનની આવી આવશ્યકતા પહેલાં કરતાં આજે વધુ છે. વૈજ્ઞાનિક તરીકે મેં પોતે અનુભવેલી કેટલીક મૂંઝવણોને વાચા આપવા સારુ મેં આ ચર્ચા હાથ ધરી છે.

સંવેદનાવિશ્વથી પરે હોય તેવું અણીશુદ્ધ જ્ઞાન કયું! આવું જ્ઞાન અસ્તિત્વ ધરાવે છે ખરું? જો ના, તો પછી આપણા જ્ઞાન અને ઈંદ્રિયજન્ય અનુભૂતિઓની નીપજ વચ્ચે શો સંબંધ છે? તત્ત્વજ્ઞાનના શૈશવથી માંડીને સદીઓ સુધી આ પ્રશ્નો ચર્ચાઈ રહ્યા છે. ઘણા લોકો આ પ્રશ્નોને અર્થહીન ગણે છે, પણ મને તો તેમાં સંશયરૂપી વૈચારિક ઉદ્વિકાસનું દર્શન થાય છે જેની પશ્ચાદ્‌ભૂમાં વસ્તુનિષ્ઠ વિશ્વને આંબવાની ઝંખના રહેલી છે.

તત્ત્વજ્ઞાનની બાલ્યાવસ્થા સમયે એવું મનાતું કે જેની અનુભૂતિ છે તેનું સ્થૂળ અસ્તિત્વ હોવું જ જોઈએ. તત્ત્વ અને પ્રકૃતિવિજ્ઞાનના વિકાસની સાથે આ વિચાર પ્લેટો ખુદ ઈન્દ્રિયગોચર અનુભવો કરતાં અનુભવાધારિત કલ્પનાને વાસ્તવિકતાની વધુ નજીક ગણતો. સ્પિનોઝા અને હેગેલ સુદ્ધાંએ આ મતને વિશ્વાસપાત્ર ગણેલો.

પછી આવ્યો સહજ વાસ્તવવાદ. આ વાદની ધારણા એ છે કે માણસે કરેલું પ્રત્યક્ષીકરણ એ જ વસ્તુનું સાચું સ્વરૂપ છે. તો બીજી બાજુ માણસનું મન ઈંદ્રિયો કરતાં વધુ વેધક છે તેવી માન્યતા પણ એટલી જ દૃઢપણે સ્વીકારાઈ છે. આ બંને સ્વીકૃતિ ભ્રમણામાત્ર છે. હકીકતમાં આ ભ્રમણાઓ જ મોટાભાગની જ્ઞાન-વિજ્ઞાન શાખાઓ વચ્ચેની ભેદરેખા છે.

આ બંને પ્રકારની ભ્રમણાઓમાંથી મુક્ત થવાનો એક સરસ ઉપાય રસેલે સૂચવ્યો છે. તેના જ શબ્દોમાં માણીએ :

''વસ્તુઓ જેવી દેખાય છે તેવી જ છે તેવું કહે તે સહજ વાસ્તવવાદ. આપણને ઘાસ લીલું લાગે છે, પથ્થર કઠણ લાગે છે અને બરફ ઠંડો લાગે છે. પરંતુ ભૌતિકશાસ્ત્ર એ બાબતે સ્પષ્ટ છે કે ઘાસનો લીલો રંગ, પથ્થરની કઠણતા અને બરફની ઠંડક જે આપણે અનુભવીએ છીએ તેનાથી ભિન્ન છે. પથ્થરને સ્પર્શતો માણસ વાસ્તવમાં પથ્થરની તેના શરીર સાથેની

પ્રક્રિયાને અનુભવે છે. આમ જુઓ તો સામાન્યતઃ વસ્તુનિષ્ઠ સ્વરૂપનું વિજ્ઞાન અહીંયાં વ્યક્તિનિષ્ઠ બન્યું હોય એવો ઘાટ થયો કે નહીં?

સહજ વાસ્તવવાદ આપણને ભૌતિકશાસ્ત્રની નજીક આણે છે. હવે જો ભૌતિકશાસ્ત્રને માનીએ તો તે એવું પ્રતિપાદિત કરે છે કે સહજ વાસ્તવવાદ એક ભ્રમણા છે. આમ સહજ વાસ્તવવાદ તો ભ્રમણા છે તેવું ફલિત થાય છે.''

રસેલની થીયરીની આ તર્કબદ્ધતા અભૂતપૂર્વ છે! ઉપરછલ્લી રીતે જોઈએ તો બર્કલી તથા હ્યુમ આ પરિપ્રેક્ષ્યમાં પ્રકૃતિવિજ્ઞાનની સંકલ્પનાઓથી દૂર જતા લાગે. અહીંયાં રસેલે એક નવું જોડાણ સિદ્ધ કર્યું છે.

બર્કલીના કહ્યા પ્રમાણે પદાર્થની હાજરીમાં ઉદ્ભવતી ઘટનાઓના કારણે થતા પ્રત્યક્ષીકરણથી પદાર્થ અને વ્યક્તિ વચ્ચે એક સેતુ બને છે. તો પછી આમ થવું તે વ્યક્તિત્વનું વસ્તુનિષ્ઠ પાસું જ ગણાય, ખરું ને? હવે, જો વિચારના વસ્તુનિષ્ઠ પાસાનું સંશયાત્મક વિવેચન કરીએ તો પછી પદાર્થ અને વ્યક્તિ વચ્ચેના સીધા સંબંધને તોડનાર ક્રિયા અને પદાર્થ વચ્ચે સેતુ બાંધવાનો કોઈ અર્થ ખરો? ખાસ કરીને જ્યારે પદાર્થ સુદ્ધાંનું અસ્તિત્વ અર્થપૂર્ણ રીતે સિદ્ધ કરવું અઘરું હોય!

હકીકતમાં, વસ્તુનિષ્ઠ વિચારની પ્રક્રિયાને મળેલી સફળતાને લઈને શુદ્ધ-સંશયવાદના પાયા હચમચી ગયા છે. હવે સામાન્ય રીતે આપણે એવું સ્વીકારીએ છીએ કે, ''પદાર્થ વિષે મેળવેલ જ્ઞાન એ આપણા ઈન્દ્રિયાનુભવોનું પુનર્ગઠન છે.'' જો કે રસેલ છેક એવું નથી માનતો કે સંશયવાદ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી શકાય નહીં. પરંતુ ''આનુભવિક પદ્ધતિ''ને તે ખાતરીપૂર્વકનો માર્ગ ગણાવે છે.

હ્યુમ દરેક પ્રકારના જ્ઞાનને શંકાની નજરે જોતો હતો. તેનું માનવું હતું કે ઈંદ્રિયગોચર અનુભવોના નિષ્કર્ષ વચ્ચે કાર્યકારણ સંબંધ સ્થાપવો શક્ય નથી. તેના અનુગામીઓને આ વિચારમાંથી ખૂબ પ્રેરણા મળી છે. તેમાંના એક એવા રસેલની સચોટ અને સરળ અભિવ્યક્તિ હ્યુમની યાદ તાજી કરાવી જાય છે.

માણસ અનાદિ કાળથી અસંદિગ્ધ જ્ઞાનનો ભૂખ્યો છે. તેથી હ્યુમના વિચારો સ્વીકારવા આકરા લાગે છે. હ્યુમ સ્પષ્ટપણે કહે છે કે ઈંદ્રિયજન્ય અનુભવો આપણા માટે જ્ઞાન પ્રાપ્તિનું એક માત્ર સાધન છે, તેઓ આદત બની જઈ આપણી માન્યતા અને અપેક્ષાઓ ઉપજાવે છે. પરંતુ તેના દ્વારા પદાર્થનું કે તેના આંતરસંબંધોનું નિર્ભેળ દર્શન કરવું શક્ય નથી.

આ વાતને કાન્ટ વધુ સ્પષ્ટપણે સમજાવી શક્યો છે. તેના મત પ્રમાણે કોઈ પણ અનુભવજન્ય જ્ઞાન શુદ્ધ હોવા માટે તેનાં ચોક્કસ કારણો મળવાં જોઈએ. કાન્ટનું એક વાક્ય અહીં શબ્દશઃ ટાંકું છું : ''પરિસ્થિતિનું તર્કબદ્ધ અવલોકન કરતાં જણાય છે કે વિચારપ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતી સંકલ્પનાઓ સુધી ઈન્દ્રિયગોચર અનુભવો પહોંચી શકતા નથી, અથવા તો આ સંકલ્પનાઓ ઈંદ્રિયજન્ય અનુભવોથી પરે છે.''



મને લાગે છે, આ દિશામાં હજુ વધુ સ્પષ્ટ થવાની જરૂર છે. એ ખરું કે વિચારપ્રક્રિયા દ્વારા જન્મતી સંકલ્પનાઓ અને તેની ભાષાકીય અભિવ્યક્તિ અનુભૂતિઓની સીધી નીપજ નથી. આવી પ્રતીતિ કરવી અઘરી છે, કારણ કે આપણને ઈંદ્રિયજન્ય અનુભવો અને સિદ્ધાંતો વચ્ચે ધરાર સાંઠ-ગાંઠ કરવાની આદત પડી ગઈ છે. વાસ્તવમાં આપણી પરિકલ્પનાઓ અને સિદ્ધાંતો મૂળ ઈન્દ્રિયસહજ અનુભવોના સારગ્રહણમાંથી જન્મે છે અને સારગ્રહણ એટલે મૂળ પ્રક્રિયાનો અમુક ભાગ જતો કરવો.

હ્યુમનો શિષ્ય એવું કહેશે કે જે પરિકલ્પના મૂળતઃ ઈન્દ્રિયસુલભ અનુભવની નીપજ ન હોય તેને વિચારવિશ્વમાંથી તિલાંજલિ આપવી જોઈએ. વાત મુદ્દાની છે, કારણ કે દરેક વિચારનું વસ્તુલક્ષી પાસું ઈન્દ્રિયગોચર અનુભૂતિ સાથે અનન્ય સંબંધ ધરાવે છે. પરંતુ અનુભવની નીપજ પોતે ભૌતિક સ્વરૂપની નથી. આમ પરાભૌતિક અસ્તિત્વને નકારતા વિચાર સામે એક નવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

જો કે એટલું તો ખરું કે વિચારપ્રક્રિયાને સાવ પરાભૌતિક કે 'ઠાલી' બની જતાં અટકાવવી પડશે. તે સારુ પ્રત્યયાત્મક ધારણાઓ દ્વારા ઈંદ્રિયજન્ય અનુભવોનું સંરક્ષણ અને સંગઠન કરવું જોઈશે, તો જ વિચાર સુગ્રથિત અને લાઘવપૂર્ણ દેખાશે.

આ દિશામાં જેમ જેમ આગળ જતાં જઈશું તેમ તેમ વિશ્વ તર્કબદ્ધ પ્રતીકોના ક્રિડાંગણ જેવું લાગવા માંડશે. આ વાત રોજબરોજની જિંદગીમાં થતી વિચારણાને તેમજ રચનાત્મક કે વૈજ્ઞાનિક વિચારપ્રક્રિયાને પણ લાગુ પડે છે. આમ હ્યુમે તત્ત્વજ્ઞાનને એક ચોક્કસ દિશા આપી છે.

રસેલે તેના પુસ્તક 'મીનિંગ ઍન્ડ ટ્રુથ'માં આ વિષય પર સૂક્ષ્મતમ પૃથક્કરણ કર્યું છે. આમ છતાં આ સંકલ્પના પરાભૌતિક થઈ જવાના ડરથી સાવ મુક્ત થઈ નથી. આ ભયને કારણે જ સ્તો, આપણે પદાર્થને ગુણધર્મના પોટલા તરીકે સ્વીકારીએ છીએ, અને તે પણ આ ગુણધર્મો આપણા ઈંદ્રિયજન્ય અનુભવોની સીધી નીપજ હોય તે રીતે. આવું જ હોય તો પછી પદાર્થો વચ્ચેના ભૌમિતિક સંબંધની ગુણવત્તા સમજી લેવામાં આવે. પરિણામતઃ સમાન ભૌતિક ગુણધર્મો ધરાવતી ચીજો એક સમાન લાગે. દા.ત. પેરિસનો એફિલ ટાવર અને ન્યુયોર્કની ગગનચુંબી ઈમારતો એકરૂપ લાગવી જોઈએ. પણ, આવું થતું નથી તે હકીકત છે.

જો કે પદાર્થને એક નિરપેક્ષ વિભાવના તરીકે કોઈ યોગ્ય અવકાશીય - કાલિક ઢાંચામાં સમાવતી વેળા હું પોતે પરાભૌતિક થઈ જવાનો ડર અનુભવતો નથી. તાત્ત્વિક અન્વેષણના આ પ્રયત્નમાં મને મજા પડી છે - કારણ કે છેલ્લે કંઈક આવું ફલિત થાય છે : અંતે વિજ્ઞાન પણ પરાભૌતિક વિચારણાને લઈને જ આગેકદમ કરી શકે છે.



લેખકનો જન્મ જુનાગઢમાં ૮ નવેમ્બર ૧૯૬૫ના રોજ થયો હતો. તેમના પિતાજી ડૉ. શ્રી મદનગોપાલ શર્મા મૂળ નાથદ્વારાના વતની. પિતાજી આયુર્વેદ, અધ્યાત્મ અને યોગના ઊંડા અભ્યાસુ. પિતાજીની સંગાથે બાળવયથી જ લેખકની વિચારયાત્રા શરૂ થઈ. લેખકને ગળથૂથીમાં જ વિજ્ઞાન અને તત્વજ્ઞાન સાથે જ મળ્યાં છે. એટલે વ્યવસાયે આઈ.એ.એસ. અધિકારી હોવા છતાં અંતરની સ્નિગ્ધતા જળવાઈ રહી છે.

તેમણે આણંદમાં કૃષિ યુનિવર્સિટીમાં ડેરી ટેકનોલોજીનો અનુસ્નાતક અભ્યાસ તેમજ અધ્યાપન અને સંશોધન કાર્ય કર્યું. એ દરમ્યાન તેમણે રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય મેગેઝીનોમાં દસ જેટલા જુદા જુદા શોધપત્રો પ્રસિદ્ધ કર્યા છે. કોલેજ કાળમાં લેખક વિચારવલોણું પરિવારના સંપર્કમાં રહ્યા અને તેમનો વાંચન શોખ પુષ્ટ ખયો. અશોક શર્મા ભારતીય દર્શન અને વ્યવહારના સમાયોજન વિષે લખતા રહ્યા છે.

તેમણે પોરબંદર, અમરેલી, સોમનાથ, ગોધરા અને ગાંધીનગર અનેક સ્થળે મહેસૂલી, કાયદો અને વ્યવસ્થા, ગ્રામવિકાસ અને શિક્ષણ જેવા વિવિધ ક્ષેત્રોમાં જિલ્લા અને રાજ્ય કક્ષાએ જવાબદારી નિભાવી છે. સોમનાથ તીર્થધામના સર્વાંગી વિકાસમાં તેમનું મહત્ત્વનું યોગદાન માનવામાં આવે છે. આ દરમ્યાન તેમણે સોમનાથ અને જુનાગઢની ઐતિહાસિક પરંપરાઓ વિષે ખેડાણ કરીને ત્રણ પુસ્તકો, નાટકો અને ફિલ્મોનું નિર્માણ કર્યું છે.

લેખક છેલ્લા આઠ વર્ષથી ''દિવ્ય ભાસ્કર'' દૈનિકમાં યોગ દર્શન, રામાયણ, મહાભારત, ભાગવત અને ઉપનિષદોનું દોહન કરી સાંપ્રતના સંદર્ભમાં પ્રસ્તુત કરી રહ્યા છે. આ દરમ્યાન તેમના અન્ય ત્રણ પુસ્તકો ''યોગ અસ્તિત્વની અંતરયાત્રા'' ''કૃષ્ણની કેડીએ'' અને ''અસ્મિતાનો સેતુબંધ'' પ્રગટ થયા છે. ચિલ્ડ્રન યુનિવર્સિટીના પીયર જર્નલ ''હૉરીઝોન્સ ઓફ હોલિસ્ટિક એજ્યુકેશન'' (જૂન ૨૦૧૫)માં પ્રગટ થયેલો તેમનો અભ્યાસલેખ ''પંચકોષ - એ હોલિસ્ટિક મોડેલ ફોર એજ્યુકેશન'' શિક્ષણશાસ્ત્રીઓને ઉપયોગી થઈ પડે તેવો છે. શ્રીમદ્ ભગવતગીતાનું મંથન કરીને તેમણે અધ્યાત્મ ગીતા (અધ્યાત્મ દર્શન), જીવન ગીતા (આરોગ્ય) વ્યવહાર ગીતા (મેનેજમેન્ટ), રાષ્ટ્રગીતા (રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણ) અને વિશ્વ ગીતા (વિશ્વ માનવ દર્શન) જેવા પાંચ પુસ્તકોનો સંપૂટ તૈયાર કર્યો છે, જે ટૂંક સમયમાં પ્રસિદ્ધ થઈ રહ્યો છે.



# વિચારવલોણું પરિવાર દ્વારા પ્રાપ્ય પુસ્તકોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૦૧ | અંતિમ મૂલ્યવાન બક્ષિસ (મૂ.લે.જિમ સ્ટેવેલ) | અનુ. મનસુખ રીંડાણી | રૂ. ૨૦.૦૦ |
| ૦૨ | લાવણ્ય (મૂ.લે. રવીન્દ્રનાથ ટાગોર) | અનુકથન : માવજી કે. સાવલા | રૂ. ૩૦.૦૦ |
| ૦૩ | મૃત્યુનો ઉત્સવ | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂ. ૪૦.૦૦ |
| ૦૪ | સંવાદ (મૂ.લે.ડૉ.ડેવિડ બોહ્મ) | સારસંક્ષિપ્ત : મુનિ દવે | રૂ. ૨૫.૦૦ |
| ૦૫ | ડૉ. વિક્રમ સારાભાઈ | ડૉ. પદ્મનાભ જોષી/મુનિ દવે | રૂ. ૪૫.૦૦ |
| ૦૬ | યાન્ની | સારાનુવાદ : કલ્પના શાહ | રૂ. ૩૫.૦૦ |
| ૦૭ | અલબેલી | ભાવાનુવાદક : દર્શા કિકાણી | રૂ. ૩૦.૦૦ |
| ૦૮ | ભીતરનું સામર્થ્ય | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂ. ૪૦.૦૦ |
| ૦૯ | હું નફરત નહીં કરું | ભાવાનુવાદ : ડૉ. પ્રફુલ્લ દવે | રૂ. ૨૫.૦૦ |
| ૧૦ | સંસ્થા ઘડતર | સંકલન : મુનિ દવે | રૂ. ૩૫.૦૦ |
| ૧૧ | આત્મા-પરમાત્મા, જન્મ-પુનર્જન્મ | સંપાદક : હિરાલાલ વરિયા | રૂ. ૫૫.૦૦ |
| ૧૨ | બહાનાં ના કાઢ દોસ્ત | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂ. ૪૦.૦૦ |
| ૧૩ | સ્વીકારથી ચમત્કાર | સંક્ષિપ્ત : ડૉ. વિપુલ દેસાઈ | રૂ. ૩૫.૦૦ |
| ૧૪ | ક્ષિતિજની ધાર પર | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂ. ૪૦.૦૦ |
| ૧૫ | મુક્ત ગગનની બારી | હરેશ ધોળકિયા | રૂ. ૩૫.૦૦ |
| ૧૬ | સંબંધોની ઉષ્મા | માવજીભાઈ સાવલા | રૂ. ૪૦.૦૦ |
| ૧૭ | ફિલસૂફીનું વિશ્વ | માવજીભાઈ સાવલા | રૂ. ૩૫.૦૦ |
| ૧૮ | મિ. ગોડ, ધીસ ઈઝ આન્ના | અનુ. અમી કંદર્પ પંડ્યા | રૂ. ૩૦.૦૦ |
| ૧૯ | આયુર્વેદના પાયા | લેખક : બાલકૃષ્ણ વૈદ્ય | રૂ. ૩૫.૦૦ |
| ૨૦. | આપણું વિચારવલોણું | જૂના લેખોનો સંગ્રહ | રૂ. ૩૦.૦૦ |
| ૨૧. | ચક્રધાર | અભિજિત વ્યાસ | રૂ. ૪૦.૦૦ |
| ૨૨. | ''હા'' કે ''ના'' | અનુવાદક : દર્શા કીકાણી | રૂ. ૩૫.૦૦ |
| ૨૩. | મૃત્યુ પછી આત્માની સ્થિતિ | લેખક : માઈકલ ન્યૂટન | રૂ. ૩૫.૦૦ |

કિંમત : રૂા. ૨૫.૦૦*

- વર્ષ દરમિયાન કુલ ૧૨ અંકો (છ અંક અને છ પુસ્તિકાઓ.)
- **લવાજમ વર્ષ માટે વિકલ્પ : જુલાઈથી જુન કે જાન્યુઆરીથી ડિસેમ્બર.**
- **લવાજમ :** વાર્ષિક રૂા. ૨૫૦/- **૩ વર્ષ :** રૂા. ૭૦૦/-
  **૫ વર્ષ :** રૂા. ૧૨૦૦/- **આજીવન :** રૂા. ૭૦૦૦/-
  **વિદેશ લવાજમ : વાર્ષિક રૂા. ૧૨૫૦/- ૫ વર્ષ માટે રૂા. ૬,૦૦૦/-**

''વિચારવલોણું પરિવાર'' નું વાર્ષિક લવાજમ આપના વિસ્તારમાં આવેલી દેના બેંકમાં ડાયરેક્ટ જમા કરાવી શકો છો. (ચેક **''વિચારવલોણું પરિવાર''** ના નામનો લખવો, શાખાઃ **લૉ-કોલેજ રોડ, અમદાવાદ**, સેવિંગ્ઝ ખાતા નં. **૦૫૪૯૧૦૦૦૨૫૨૨**માં જમા કરાવવો) રકમ જમા કરાવ્યા બાદ તેની બેંકની અસલ રિસિપ્ટ વિચારવલોણું પરિવાર, અમદાવાદની ઓફિસમાં નીચે જણાવેલ સરનામે મોકલી આપવી. ઈન્ટરનેટ બેંકિંગ માટે અમારો IFSC No. BKDN0110549 છે.

મનીઓર્ડર તથા બેંક ડ્રાફ્ટ દ્વારા પણ લવાજમ અમદાવાદની ઓફિસે મોકલી શકાય છે.

ઓફિસ સમય : **૧૧.૦૦ થી ૬.૦૦**

**સ્થાપક :** **સુરેશ પરીખ**
આલાપ બંગ્લોઝ, સંજય સોસાયટી, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭ — ફોન : ૯૭૨૬૩૬૬૭૦૪

**પ્રકાશક :** મુનિ દવે — ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭
**વ્યવસ્થાપક :** વિજય બરફીવાળા — ફોન : ૦૭૯-૩૦૧૨૨૭૩૬
૪૦૬, વિમૂર્તિ કોમ્પલેક્ષ, ઓક્ષફર્ડ ટાવર સામે, ગુરુકુળ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
E-mail : vicharvalonun@yahoo.co.in Web: www.vicharvalonu.com

**કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ :** અનુરાજ ગ્રાફિક્સ, ફોન : ૯૮૯૮૦ ૩૮૪૫૨
**મુદ્રણ :** શ્રી ગણેશ ઓફસેટ, શુભલાભ એસ્ટેટ, તાવડીપુરા, શાહીબાગ, અમદાવાદ
**આવરણ ડિઝાઈન :** નિર્મલ સરતેજા

**સંપાદક ગણ**

| | | |
|---|---|---|
| **તરુણ શાહ** | બી-૧/૯, અગ્રવાલ ટાવર્સ, સોલા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૬૧ | ફોન : ૯૪૨૬૩ ૮૩૦૦૮ |
| **પ્રજ્ઞા પટેલ** | આત્મન્, ૧૬૮૭/૧, સેક્ટર-૨ ડી, ગાંધીનગર-૩૮૨૦૦૨. | ફોન : (૦૭૯) ૨૩૨૨૮૮૩૩ |
| **નિરંજન શાહ** | 'સ્મૃતિ', કલ્યાણ સોસાયટી, મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ | ફોન : (૦૭૯) ૨૬૪૪૧૬૫૯ |
| **મુનિ દવે** | ૮૦૪, સગુન પેલેસ, શિવરંજની ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦ ૦૧૫ | ફોન : (૦૭૯) ૨૬૭૫૧૩૫૭ |

Gujarati Translation of selected articles and letters from the book "Ideas & Opinions" written by Dr. Albert Einstein. Translated by Dr. Ashok Sharma.

* આ પુસ્તિકાની છૂટક કિંમત રૂા. ૨૫/- રહેશે.



# વિચારવલોણું પરિવાર

વીસમી સદીમાં વિજ્ઞાન અને ટૅકનોલોજીનો ખૂબ વિકાસ થયો. તેમાંયે છેલ્લાં પચ્ચીસેક વર્ષમાં ટૅકનોલોજી આપણા જીવનનાં દરેક ક્ષેત્રોમાં પ્રસરી ગઈ છે, એણે જીવનની ગતિને આપણી જાણ બહાર વધારી દીધી છે. આપણી પાસે હજારેક વર્ષની જીવંત સાંસ્કૃતિક પરંપરા છે, જેની અસર આપણા વિચારોમાં, વર્તનમાં અનાયાસ ડોકાયા કરે છે. ઉપરાંત વિકસિત દેશોની અસરથી પણ આપણે મુક્ત નથી.

આપણી આજની મથામણ છે આ પરંપરા, વિજ્ઞાન અને ટૅકનોલોજી અને વિદેશી અસર, આ બધા વચ્ચે મેળ બેસાડી સ્વસ્થ રીતે જીવવું. 'વિચારવલોણું પરિવાર' એવા લોકોનો પરિવાર છે, જેના પ્રયાસો છે કે -

- વૈજ્ઞાનિક અભિગમ સાથે જીવનની જરૂરિયાતો અને પ્રશ્નોને ઓળખીએ, સમજીએ અને 'આજ'ના સત્યની શોધનો પ્રયાસ કરીએ.
- નવા વિચારોને, નવાં અર્થઘટનોને સાંભળવાની, સમજવાની, સ્વીકારવાની ક્ષમતા કેળવીએ.
- કોઈ વ્યક્તિ-વિચારધારાના ચોકઠામાં બંધાઈ ન જવાની સજાગતા રાખીએ.
- વિરોધી વિચારને ઉગ્રતા વગર સાંભળવાની, સમજવાની ધીરજ રાખીએ.
- આપણને ગમતા વિચારોના પ્રચારક ન બનતાં પ્રસારક બનીએ.
- સર્વગ્રાહી, માનવકેન્દ્રી વિચારોને આચરણમાં મૂકી એની કસોટી કરતા રહીએ.
- પોતાની વાત રજૂ કરતી વખતે વિચારશુદ્ધિની, ભાષાના યોગ્ય ઉપયોગની, અનાગ્રહની અને બિનજરૂરી વિસ્તારના જોખમની કાળજી રાખીએ.
- વિશ્વસમસ્તમાં ઊઠતાં વિચારવમળોથી અવગત રહીને એને સમજવા પ્રયત્નશીલ રહીએ.
- અવિરત ચાલતી આ વિચારવલોણાની પ્રક્રિયામાં વધુ ને વધુ લોકોને સહજ સામેલ કરીએ.
- સૌંદર્યદૃષ્ટિ કેળવીએ.
- વ્યક્તિગત આગ્રહો છોડીને સમૂહમાં સ્વસ્થપણે જીવવા પ્રયત્ન કરીએ.
- પ્રકૃતિને પ્રેમ કરતા એને માણતા શીખીએ અને આપણા પર્યાવરણનું જતન, સંવર્ધન કરીએ.

**આપ સર્વેને આ પરિવારમાં જોડાવાનું આમંત્રણ છે.**